# માતૃભાષા

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 37 – February 2007 MATRUBHASHA Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૩૭ - ફેબ્રુઆરી ૨૦૦૭ | માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી | કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## આપ-લે

આપ, લે.

કેટલું સરસ, ટૂંકું ને ટચ બોધવાક્ય છે ?

આપ અને પછી લે. એમ પણ કહેવાય કે 'આપ અને પછી જ તને લેવાનો હકક છે' જીવનમાં જ્યાં પણ નજર કરો, કંઈક આપ્યા વગર કાંઈ મળે છે ખરું ?

આપણા શાસ્ત્રમાં તો ચોખ્ખું લખ્યું છે કે સ્વર્ગમાં પહોંચશો અને જ્યારે ચિત્રગુપ્તનો ચોપડો ખોલવામાં આવશે ત્યારે તમારા જમા પાસામાં, એટલે કે તમે જીવનમાં કેટલું આપ્યું છે તેનો હિસાબ કરીને પછી તમારા નવા જીવનમાં તમે સમૃદ્ધ ને સુખી હશો કે કંગાલ ને દુઃખી હશો તે નક્કી કરવામાં આવશે. પુણ્ય અને પાપ, જમા અને ઉધાર, લેણું અને દેણું, ઉપકાર અને ઋણ, પ્રેમ અને ધિક્કાર, સ્વર્ગ હોય, સમાજ હોય, વ્યવહાર હોય ક કૌટુંબિક સંબંધ હોય, બધેજ હિસાબના ચોપડામાં જમા અને ઉધાર એમ બે પાસા હોય છે. જેમ તમારું જમા પાસું સદ્ધર તેમ આ ભવમાં કે પરભવમાં તમારા જીવનમાં સુખ, શાંતિ, સ્વાસ્થ્ય, સમૃદ્ધિ વધારે રહેશે. અને તે સાથે સમાજ, વ્યવહાર અને કુટુંબમાં માનપાન પણ એ પ્રમાણે જ રહેશે.



બેંકમાં પૈસા જમા હશે તો વ્યાજ મળશે, મેનેજરને મળવા જશો તો ઊભો થઈને સલામ કરશે. બેંકમાંથી ઉધાર લેશો તો હપ્તા ભરવા પડશે, વ્યાજ સાથે. ઉધાર પૈસાથી લીધેલી કારમાં ફરવામાં આનંદ આવશે, ઉધારિયા ટીવી પર પ્રોગ્રામ જોવાની મજા આવશે પણ જો હપ્તા ભરવામાં ગફલત કરશો, તો બેંક તમારી ઊંઘ ઊડાડી દેશે. બેંકને પૈસા ઉધાર આપવા ગમે છે. વાસ્તવમાં જ્યારે તમે બેંકમાં પૈસા વ્યાજે મૂકો છો ત્યારે તે બેંક માટે 'હાથમાં લીધેલા બાફેલા ગરમ બટાટા' જેવા લાગે છે. તમને એ પૈસા પર વ્યાજ આપવા માટે બેંકે તરત જ બીજાને વધારે વ્યાજે આપી દેવા જોઈએ. તો જ બેંક તમને વ્યાજ આપી શકે અને બેંકનો ખર્ચ પણ તેમાંથી જ નીકળે.

મિત્રો કે સંબંધીઓ તમને જમવા બોલાવે તો તમને ગમશે. પણ હવે તમારું ઉધાર પાસું નબળું બન્યું છે. એમ માનો કે તમારા હાથમાં કોઈએ બાફેલું ગરમ બટેટું મૂક્યું છે. અંગ્રેજીમાં કહેવત છે 'મફત જમણ ક્યાંય મળતું નથી'. તમારે જમણનું વળતું આમંત્રણ આપવું જ રહ્યું. અને જો તમે તેમ નહી કરો તો તમને મળતા આમંત્રણો ઓછા થઈ જાશે. આપણે ત્યાં લગ્નમાં હાજરી આપવા, જમવા માટે નોતરું આવે છે. આપણે જઈએ છીએ ત્યારે 'ચાંદલો' આપીએ છીએ ને ? આ પણ એ જ 'આપ, લે'નો એક પ્રકાર જ છે ને ?

તમે સરકારને, સુધરાઈખાતાને, કરવેરા ભરો છો તો તેના બદલામાં તેઓ તમારે માટે રસ્તા, શિક્ષણ, પાણી, વિજળી, ગેસ, વગેરે જીવન જરૂરિયાતની સવલતો, સેવાઓ, સાધનો, વસ્તુઓની વ્યવસ્થા કરે છે. જો તમે પૂરતા કરવેરા ન ભરો, લોકો કરચોરી કરે, તો તેમણે સવલતો ઓછી કરી નાંખવી પડે અથવા તો બીજેથી પૈસા ઉધાર લેવા પડે. આ ઉધાર લીધેલા પૈસા વ્યાજ સાથે પાછા આપવાના રહે અને તે માટે વધારાના કરવેરા તમારે જ ભરવાના રહે. એ યાદ રાખવું જોઈએ કે અત્યારે તમે જે સગવડતા ભોગવી રહ્યા છો તે મોટે ભાગે તમારા પૂર્વજોએ પરિશ્રમ કરીને, બુદ્ધિનો ઉપયોગ કરીને, કરવેરા ભરીને સર્જી છે. ઈશ્વરે પૃથ્વીનું સર્જન કરીને માણસને તેમાં મૂક્યો. પણ પોતાના જીવનનિર્વાહની જવાબદારી તો માણસે પોતે જ ઊઠાવવાની રહી. અત્યારે તમે જે આરોગ્યવર્ધક ફળો, શાકભાજી, અનાજ, ઔષધ, વગેરે વિના ભયે આરોગો છો અને આનંદ માણો છો તે ખરેખર આરોગવા યોગ્ય છે કે નહિ અને ફાયદાકારક છે કે નહિ તેનું સંશોધન તમારા પૂર્વજોએ કરેલું છે. કદી વિચાર કર્યો છે કે પહેલવહેલી 'રોટલી' કોણે અને કેવી રીતે બનાવી હશે ? કે માંડવીમાંથી તેલ કાઢીને તેમાં તળીને સ્વદિષ્ટ ભજિયાં પહેલવહેલાં કોણે બનાવ્યા હશે ? આપણે એ કોઈને જાણતા નથી તેથી તેમનો આભાર પણ માની શકતા નથી. પણ એટલું તો જરૂર કરી શકીએ કે જ્યારે આપણી સામે ભોજનની થાળી તૈયાર કરીને મૂકવામાં આવે ત્યારે બે હાથ જોડીને આપણા એ બધા પૂર્વજોનો ઉપકાર માનીએ અને તેમને એ જાતની પ્રેરણા આપવા માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

તમે ભલે દુનિયાના અનેક દેશોમાં ફરી આવ્યા હોય, જોઈ આવ્યા હોય, પણ જો તમે તમારા વતનને, માતૃભૂમિને, નથી જોયું તો તમે કાંઈ નથી જોયું. તમે ભલે અંગ્રેજીમાં હજારો પુસ્તકો વાંચ્યા હોય, પણ જો તમે તમારી માતૃભાષા ગુજરાતીમાં એક પણ પુસ્તક ન વાંચ્યું હોય તો તમે કાંઈ નથી વાંચ્યું. તમે ભલે અંગ્રેજી ભાષામાં નિષ્ણાત હો, અને પરદેશમાં સફળ થવા માટે તે જરૂરી પણ છે, પણ જો તમે તમારી માતૃભાષા ગુજરાતી ન જાણતા હો તો તમારી નિરક્ષરતામાં અને ગુજરાતના કોઈ નાના ગામડામાં, શિક્ષણની તકને અભાવે નિરક્ષર રહેલ ગામડિયાની નિરક્ષરતામાં કાંઈ ફરક નથી.

### વાચકમિત્રો

અમે વતનની ધૂળમાં આળોટવા આવી પહોંચ્યા છીએ. ભલે 'Heat & Dust' હોય, પણ અમને એ પ્રેમભર્યો સુંવાળો સ્પર્શ ગમે છે.

'માતૃભાષા'નો અંક નં ૩૭, ફેબ્રુઆરી ૨૦૦૭ થી અંક નં ૪૦, ઓગસ્ટ ૨૦૦૭ સુધીના અંકો રાજકોટથી પ્રસિદ્ધ કરવામાં આવશે. સપ્ટેમ્બર ૨૦૦૭ના અંત સુધી 'માતૃભાષા' વિષે પત્રવ્યવહાર કરવાનું તેમજ તેમાં પ્રગટ કરવા યોગ્ય સાહિત્ય મોકલવાનું સરનામું નીચે પ્રમાણે છેઃ


MATRUBHASHA<br>
C/- Pravin Vaghani<br>
B71 Yogi-Amrut apartments<br>
Sojitranagar rd.<br>
RAJKOT 360005 INDIA


પરદેશમાં લોકો આનંદપ્રમોદ માટે પર્યટનો અને પ્રવાસો કરે છે. જ્યારે ભારતમાં લોકો ધાર્મિક સ્થળોની યાત્રા કરવા વધારે જાય છે. માણસ પર કોઈ જાતની મુસિબત આવી પડે, પછી તે માંદગી જેવી શારીરિક હોય, કૌટુંબિક સંબંધોમાં તીરાડ પડતી હોય, નોકરી ન મળતી હોય, ધંધામાં નુકસાની જવાની સંભાવના હોય, ગમે તે સંજોગો હોય, માણસ માનતા માને છે કે જો તેને મુસિબતમાંથી છૂટકારો મળશે તો તે તેના માન્ય ઈષ્ટદેવ કે દેવીની અમૂક રીતે પૂજા કરશે, દાન આપશે વગેરે, વગેરે. ભૌતિક દૃષ્ટિએ આ પણ એક 'આપ-લે'નો સોદો જ છે ને ! જો ઈષ્ટદેવ કે દેવી માણસને કંઈક આપશે અથવા તેનું કામ કરી આપશે તો બદલામાં તે તેને માટે કંઈક કરશે. જો કે અંતે તો તેમ કરવાથી તેના જમા પાસામાં પુણ્ય જમા થાય છે. મંદિરમાં દેવદેવીઓના દર્શન કરવા, તેમને ફૂલો ચડાવવા, ઘીદૂધ ચડાવવા, પૂજા કરવી હવન કરવા, જાપ કરવા, ભજન ગાવા, એવા તો ઘણા નુસ્ખાઓ પુણ્યનું જમા પાસું વધારવાના અને પાપનું ઉધાર પાસું ઘટાડવાના આપણા શાસ્ત્રોમાં આપ્યા છે. જેવી જેની શ્રદ્ધા. પણ એ બધાનું તારણ એક જ છે કે કાંઈ આપ્યા વિના કાંઈ મળતું નથી.

એક રીતે જૂઓ તો માણસ જન્મે છે ત્યારથી ઘણા વર્ષો સુધી તો તે માબાપનું દેવું જ કરતો થાય છે. જન્મતાની સાથે જ માતાના ધાવણ વગર એ જીવે શકે નહી. માતા તેને પોષણ આપે છે, તેની સારસંભાળ કરે છે, પ્રેમ આપે છે, બદલામાં એ બાળકનું એક માત્ર હાસ્ય તેને પરમ સંતોષ આપે છે, એટલું જ તે બદલામાં મેળવવાની અપેક્ષા રાખે છે. એથી વધુ કંઈ જ નહી. માબાપ સાથે મળીને એ બાળકના ઉછેર માટે, તેના અભ્યાસ માટે, અનેક જાતના ભોગ આપે છે. એ બાળક મોટું થઈને બદલામાં તેને શૂં આપશે, તેની સાથે કેવો વર્તાવ કરશે, તેનો કંઈ પણ વિચાર તેઓ એ સમયે કરતા નથી.

Publication :MATRUBHASHA.(Bimonthly)
Language : Gujarati( India)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી



Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com



છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.



**Subscriptions:**
Australia: Yearly, $15.00, 5 years 65.00
Pay to : Pravin Vaghani
Post: 4 Fiona crt. Glen Waverley Vic 3150
Or, Direct credit at bank or on internet:
BSB 063 587 A/c no. 1018-0401
UK: Yearly, £10.00, 5 years 40.00,
Pay to: Parivaar Communications, 'KUTIR'
C/- Vipul Kalyani – Editor 'OPINION'
4 Rosecroft Walk, Off Crawford ave.
WEMBLEY Middlesex HA0 2JZ UK
USA: Yearly US$12.00, 5 years $50.00
Pay to: Pravin C. Patel
80 Corona crt. Old Bridge NJ 08857
**Adopt a Library in Gujarat.**
Subscribe to 'MATRUBHASHA' and have it delivered to a library in Gujarat as your donation.


# ગું જ ન

## ⌘ ગુજરાત છે અમરત ધારા ⌘

**સાંઈરામ દવે, ગોંડલ**

જ્યાં સાંજસવારે ભગતિ-ઈબાદતનાં વાગે નગારા
ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા.
જેના સંત, ફકીરો, ભગત, શૂરાને વંદન વારંવારા
ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા.
આ સાવજની ધરતી છે જેના હેયાં હિંમતવાળા,
જ્યાં એકબીજાને ચાહે ઝંખે, કોઈ ન વિંખે માળા,
જ્યાં મેમાનો માટે માથાં દ્યે, દઉ એને ભલકારા. . .
જ્યાં અજબગજબની કોઠાસૂઝનો દરિયો મીઠો ભરિયો,
જેની મીઠી વાણી, મીઠા સ્વભાવે ગુજરાતી વિસ્તરીયો
હો દુબઈ, મસ્કત, અમેરિકા, દે બ્રિટનમાં પડકારા. . .
આ ચંદ્રની ઉપર ભલે પહોંચતી વિશ્વની કોઈપણ જાતિ,
પણ દુકાન કરશે ચંદ્રની ઉપર પહેલો આ ગુજરાતી,
અમે દિલથી જીવીએ, દિલથી મરીએ, ને દિલ દઈ દઈએ પરબારા.
જ્યાં અસાંજો કચ્છડો ડાલામથ્થો પૂર્વમાં ભાદર ગાજે,
જ્યાં દક્ષિણ દિશમાં નીર નર્મદા પહોંચી ઘરઘર આજે
જ્યાં ઉત્તરમાં છે બનાસ, પશ્ચિમ મહી નદીના ફૂવારા. . .
જ્યાં આવકારો અદકેરો જેના લોકો ભાવિક ભોળા,
જ્યાં મોટો રોટલો, અલખ ઓટલો, ગેબના છૂટે ગોળા,
જેને આંગણ ઈશ્વર રમતો છે જ્યાં સદ્ગુરુજીના સહારા. . .
હવે ધરમ કોમના થાય ના ભડકા બૂરી નજર ના લાગે,
હવે આખી દુનિયા ઉજળી કરવા સૌ ગુજરાતી જાગે,
આ 'સાંઈરામ' માગે નભમાં ચમકે ગુર્જરના સિતારા. . .
ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી સૌથી ન્યારા.

## હોરી લોકગિત

આજ બિરજમેં હોરી રે રસિયા
હોરી રે રસિયા, બરજોરી રે રસિયા,
આજ બિરજમેં હોરી રે રસિયા.
કૌન ગાંવ કો કુંવર કન્હાઈ,
કૌન ગાંવ કી ગોરી રે રસિયા ?
નંદગાંવ કો કુંવર કન્હાઈ,
બરસાને કી ગોરી રે રસિયા.
પંચ બરસકો કુંવર કન્હાઈ,
સાત બરસકી ગોરી રે રસિયા,
જીતને આવે કુંવર કન્હાઈ,
ઉતને રાધે ગોરી રે રસિયા.
અબિર ગુલાલ ઓર અરગજા,
કેસર પીચકારી મારી રે રસિયા,
સૂરશ્યામ પ્રભુ ચતુર શિરોમણી,
કર ગયો મોસે મનમાની રે રસિયા.

## ⌘ લાગણી ⌘

**મંજુલા પારેખ, એડિન્બરો, સ્કોટલેન્ડ**

લાગણીને ક્યાં માપ છે ?
લાગણી એક અધિકાર છે.
લાગણીને વહેવા માટે હ્રદયની હોડ જોઈએ.
લાગણી ન ટકે જ્યારે તે ખોટી.
લાગણીને કોઈ ટકાવી શકે ખરી ?
લાગણીની કોને જરૂર નથી.
લાગણી વગર જીવવું ઘણું મુશકેલ છે.
લાગણી મુશકેલીમાં બહાર આવે ત્યારે
ઈશ્વર યાદ આવે છે, છતાં
લાગણી છૂપી રહે હ્રદયમાં.
લાગણી બહાર આવે ત્યારે આંસુ બને.
આવે આંખમાં લાગણીની વણઝાર.
જો લાગણી કાયમ હ્રદયમાં રહે તો
લાગણીનો સામનો કરવો મુશકેલ.
જો લાગણી બહાર આવે તો
રહેવું પણ મુશકેલ થઈ જાય.
લાગણી કદીપણ વાંઝણી નથી,
દરેકમાં કંઈ ને કંઈ રીતે જન્મ લે છે.
હંમેશાં કંઈ આપતી રહે છે
મિત્રતામાં લાગણી વધે છે
લાગણી વગર ન થાય મિત્રતા
લાગણી વગર મિત્રતા લૂખી લાગે.
લાગણી ઉછળે બાળકની જેમ,
લાગણી ખોળે બેસી કંઈક ઘોળે.
લાગણીને ક્ષમા આપવાની શક્તિ ઝાઝી,
લાગણીમાં શ્રદ્ધાનો વિકાસ ઝાઝો.
લાગણીમાં કરુણા દયા ને હમદર્દી ઝાઝાં.
લાગણી વગરની જિંદગી જ નથી.
છતાં લાગણી સાથે જીવન જીવવું
પણ ઘણી વખત મુશકેલ બને છે.
લાગણીને હ્રદય સાથે સંબંધ સાચો.
લાગણી હ્રદયને ડોલાવી નાખે છે.
લાગણી પાસે બુદ્ધિને નમવું પડે છે
લાગણીમાં પ્રેમ અને ભાવના છે.
લાગણીને મન સાથે બહુ ઘેરો સંબંધ
લાગણીમાં સમાધાન કરવાની શક્તિ છે.
⌘

## ⌘ આપ છો ⌘

(અછાંદસ કાવ્ય)

**પ્રો. સુમન અજમેરી, અમેરિકા**

છો હો ધુલમુલ દિશાઓ
ને ડગુંમગું ટાંટિયા,
આંગળી ઝાલી ચાલતાં
શિશુની ટેકણલાકડી આપ છો.
જિંદગીને અજવાળતી દિશાના
આધાર આપ છો
ઝલમલતા
આ ઝાંખરાને તે પાર
રસેભર્યા રણકલ્પ
તે આપ છો
ચોમેર ધૂંધવાતા
ભડભાંખર ભાંખરાને ભેદી
ઊગતા સૂરજ તણો
આત્મભાવથી ભરેલો
ભરોસો આપ છો
ને માંડમાંડ
મીટ માંડવા મથતી
નજરના નેજવાંનો
અણનમ આધાર
આપ છો

## ⌘ વસંત ⌘


**જુગલકિશોર વ્યાસ**

મારી બારીમાં હમણાંની હલચલ
અંદર ને બહારની અધવચ્ચે ચોગઠામાં
અણકથીક કંઈક કંઈ ચહલ પહલ.
તાજી ફૂટેલ કોઈ લીલીછમ આંગળીઓ
અંદર શી આવવાને મથતી !
આવી કે આવશેની મીઠી સંભાવના
ગલી ગલી ફરી કશુંક કથતી
આવ્યાંનાં અમથાક એંધાણે આમ કાં
ઘરવખરી થઈ બેઠી ચંચલ !
પાંદડીએ આરપાર ચાળીને મોકલી
આછેરા તડકાની ઝાંયમાં
કલમું બોળીને થાય લખવાનું મન
એના આવ્યાંની મીઠડીક લ્હાયમાં
અક્ષરમાં અવતરતાં નંદવાઈ જાશેની
ભીતી આંગળીઓને પલપલ !
ટહૂકો ખંખેરતું પીછું હળવેકથી
હોડી લઈ તરતરતું આવ્યું
સ્પર્શોમાં સળવળતું સળવળતું પળમાં તો
નસનસમય થઈ જઈને ભાવ્યું.
આવતલ ઋતુનાં એંધાણોના ઉમરાટે
ભીતર ને બહાર બધું છલક છલ !
વાસંતી વાયરાની ડાળખીએ કાલથી
મઘમઘતી ઝૂલશે સવારો
મંજરીની ગંધ હવે કેસરીયા સ્વાદના
સાખોમાં સજશે શ્રૃંગારો !
અંતરને આંગણે ઉમંગોના સાગમટાં
મંગળમય ઓચ્છવનાં અંજળ !
મારી બારીમાં હમણાંની હલચલ !

મંદિરને ઓટલે
બેઠો એક વરિષ્ઠ
પાલખીની રાહ જોતો

## રણમાં જીતે તે શૂર

હરનિશ જાની, અમેરિકા



અમારા ગામમાં દરેક સ્ત્રીને ડિલીવરી આવે છે, કોઈને 'પ્રસૂતિ' થતી નથી. કોઈ સ્ત્રી ગર્ભવતી નથી હોતી, 'પ્રેગ્નન્ટ' હોય છે. અમારા ગામમાં લોકો 'ઓફ' થઈ જાય છે, કોઈનો સ્વર્ગવાસ થતો નથી.

ઊપર પ્રમાણેની ભાષા વાપરવાથી એમ કહી શકાય ખરું કે લોકોને ગુજરાતી માટે પ્રેમ નથી ? એમ કહી શકાય કે લોકો અંગ્રેજી બોલીને બીજા ઉપર વટ પાડવા માંગે છે ? અમારા ગામમાં જ્યાં જાજરૂનાં ઠેકાણાં નથી ત્યાં લોકો 'લેટ્રીન' કે 'ટોયલેટ' શબ્દો વાપરે છે. દારૂની સૂગ છે પણ વાઈન સામે વાંધો નથી ! કારણ બહુ સહેલું છે. આપણે આપણી જાતીય વાતો કરતાં સંકોચ અનુભવીએ છીએ. એટલે એને વ્યક્ત કરવા અંગ્રેજીનો સહારો લઈએ છીએ. પરદેશી ભાષામાં બોલવાથી જાણે અમૂક વિષયની સૂગ ઓછી થઈ જતી હોય એમ આપણને લાગે છે. આ રીતે અંગ્રેજી ભાષાનું ચલણ ગુજરાતીમાં વધ્યું છે. અંગ્રેજોના બસોઅઢીસો વરસના વસવાટથી ભારતની બધી ભાષાઓમાં અંગ્રેજીની થોડીઘણી ઘૂસણખોરી હોવા છતાં ગુજરાતીના અસ્તિત્વની ચિંતા કરવા જેવું નથી.

વીસમી સદીમાં ગુજરાતી ભાષા વીકસી પણ અને વર્ણસંકર પણ બની. વીસમી સદીની બધી શોધખોળ યુરોપ અને અમેરિકામાં થઈ છે. ગુજરાતમાં નથી ઈલેક્ટ્રિસિટી શોધાઈ કે નથી રેલ્વે એન્જિન શોધાયું. કમ્પ્યુટર પણ આપણે ત્યાં ન શોધાયું. એનું પરિણામ એ આવ્યું કે આપણે એ વિષે અંગ્રેજીમાં શીખવું પડ્યું અને અંગ્રેજીમાં બોલવું પડે છે.

જો એ બધું ગુજરાતમાં શોધાયું હોત તો 'ધેર ઈઝ નો વિદ્યુત ઈન ધેટ હાઉસ', 'ડુ યુ હેવ એ ચાણક્યબુદ્ધિ યંત્ર ?', 'અગ્નિરથ ફોર લોસ એન્જલેસ ઈઝ ઓન પ્લેટફોર્મ નંબર ફાઈવ' એવું એવું ઈન્ગલેન્ડ અને અમેરિકામાં બોલાતું હોત ! ગુજરાતી ભાષાની બોલબાલા આખી દુનિયામાં હોત. અને આનો દોષ આપણે આપણા વૈજ્ઞાનિકોને દેવો જોઈએ. વૈજ્ઞાનિકોની સરખામણીમાં આપણા રસોઈયાઓએ કમાલ કરી છે. આજે યુરોપ અને અમેરિકમાં લોકોને 'પાપડમ્, ચાય, સમોસા, ચટણી, ચપાટી' વગેરે બોલતા કરી દીધા છે. ગુજરાતીનો પ્રચાર કરવો હોય તો ગુજરાતી રસોઈના માધ્યમથી થઈ શકે. 'યોગા, નિર્વાણ, વેદા, ગીતા' જેવા શબ્દોને અંગ્રેજીમાં ઘૂસાડવા માટે મહર્ષિ મહેશ યોગી જેવા મહાપુરુષોનું ગુજરાત ઋણી છે. આપણે ત્યાં મોડર્ન ટેક્નોલોજીનો જન્મ ન થયો તો કંઈ નહિ, આપણી પાસે હજારો વરસો જૂનો વેદોનો મસાલો છે તેનાથી અંગ્રેજોને, અમેરિકનોને આંજીશું. આ વાતથી ગુજરાતીમાં બોલાતા અંગ્રેજી શબ્દો વિષે આપણે ખોટું ન લગાડવું જોઈએ. લોકોને ગુજરાતીમાં કમ્યુનિકેશન માટે અંગ્રેજી શબ્દો ફરજિયાત વાપરવા પડે છે. અંગ્રેજી શબ્દો વાપરી કોઈને આંજી દેવાવાળો વર્ગ પણ આપણે ત્યાં છે. પરંતુ તેમના કરતાં આ નવી ટેક્નોલોજિએ ગુજરાતીનો ઘાણ કાઢ્યો છે.

ઈતિહાસને તપાસો તો સમજાશે કે પ્રજાએ શાસકોની ભાષા શીખવી પડે છે. અને શાસકોની ભાષા શીખવાની આપણને ટેવ પડી ગઈ છે. બે હજાર વરસથી આપણાં દેશ પર વિદેશીઓના હુમલા આવતા રહ્યા છે. જે લોકોએ આપણા દેશમાં રહેવાનું નક્કી કર્યું તેમની ભાષા સંપૂર્ણપણે નહિ તો પણ અમૂક અંશે આપણી ભાષા સાથે મળી ગઈ. બાકી એક હજાર પચીસની આજુબાજુ સિદ્ધરાજ જયસિંહના વખતમાં ગુજરાતી ભાષાનું અસ્તિત્વ જ નહોતું. આપણા પૂર્વજોને ખબર નહોતી કે પૃથ્વી ગોળ છે અને દુનિયા મોટી છે. જો ગુજરાતી રાજાઓએ અંદરોઅંદર કપાઈ મરી જવાને બદલે બીજા દેશોને જીતીને ગુજરાતની આણ વધારી હોત તો આજે તે દેશોમાં ગુજરાતી ભાષા બોલાતી હોત. (મહમદ ગઝની ગુજરાતમાં આવ્યો તેને બદલે સિદ્ધરાજ જયસિંહ અફઘાનિસ્તાન ગયો હોત તો !) પરંતુ ગુજરાતીઓનું મરાઠાના પેશ્વાઓ કે માળવાના રાજપૂતો આગળ પણ કાંઈ ચાલ્યું નથી. તેથી ઊલટું ગાયકવાડે વડોદરામાં મરાઠી ભાષા વિકસાવી. જો આપણા શાસકોએ ગુજરાતીનો વિકાસ કર્યો હોત તો તેના અસ્તિત્વ માટે આજે વલખાં મારવા ન પડત. આજે એ પરિસ્થિતિ છે કે બસો વરસના શાસન પછી અંગ્રેજીએ ગુજરાતમાં પણ અંગ્રેજીના વિદ્વાનો પેદા કર્યા છે.

એટલે ગુજરાતી અને અંગ્રેજીનું ભૂસું તૈયાર થયું. આપણે ગુજરાતીઓ આપણી માતૃભાષામાં પચાશ ટકા અંગ્રેજી બોલીએ છીએ. બીજી રીતે જૂઓ તો આપણે અંગ્રેજીમાં પચાશ ટકા ગુજરાતી ઘૂસાડયું છે. જો આપણે ઈન્ગલેન્ડ પર શાસક બનીએ તો ઈન્ગલેન્ડમાં ઈન્ગલીશ પ્રજાને ગુજરાતી સહેલાઈથી શીખવાડી શકીએ. આજની પરિસ્થિતિ જોતાં બીજા પચાસથી સો વરસમાં ઈન્ગલેન્ડની પાર્લામેન્ટમાં બહુમતી મેળવી શકીશું. પછીથી શેક્સપિયરની માતૃભૂમિમાં ગુજરાતી ભાષાનો પરચો બતાવી શકીશું, હા.

ગુજરાતી ભાષાને બચાવવી હોય તો શૈક્ષણિક સંસ્થાઓ, સ્કુલો, પુસ્તકાલયો, સાથે સમય બગાડવાની જરૂર નથી. આજની પેઢીને એમાં રસ નથી. ગુજરાતી ભાષાને બચાવવી હોય તો એને ધર્મની ભાષા બનાવો. સંસ્કૃત ભાષા કેવી રીતે બચી, ? આજે લોકો એકબીજા સાથે વાતો કરવા સંસ્કૃત શીખતા નથી. લોકો શીખે છે ધર્મ સમજવા. સદીઓથી સંસ્કૃત રાજ કરે છે. ધર્મને શરણે જનાર કદી નિરાશ થયું નથી. તમારી પાસે જૂનું મકાન હોય તેમાં ભગવાન બેસાડી દો. તે મંદિર બની જશે, તેનો જીર્ણોદ્ધાર થશે અને તમે માલામાલ ! ન વેચાતાં પુસ્તક પર કોઈપણ રીતે ધાર્મિક મહત્ત્વ ઠોકી દો પછી જૂઓ તેનું વેચાણ. વાલ્મિકીથી માંડીને આજના જમાનાના લૂંટારાઓને ધર્મે બચાવ્યા છે. ગુજરાતી ભાષાના ઉદ્ધારમાં પૈસાના દાન ન થાય. જ્યારે સ્વર્ગની લાલચમાં કોઈ પણ ધર્મને માટે દાનની સીમા નથી. ગુજરાતીમાં ગીતા લખો, કોઈ સંત પાસે સિક્કો મરાવો અને કરો પ્રચાર. સત્યનારાયણના શ્લોકો ગુજરાતીમાં લખવાના. સંસ્કૃતની જગ્યાએ સીધાસાદા ગુજરાતીમાં શ્લોકો વાંચી જવાના. સાહેબ, ગુજરાતીને બીજા બે હજાર વરસ સુધી આંચ નહિ આવે. ગુજરાતી દેવતાઓની ભાષા ગણાશે. અને સંસ્કૃત શીખવાના ટોર્ચરમાંથી બચી જવાશે. ગુજરાતી ભગવાનની સામે બોલશે:

તમે મારી માતા, તમે મારા પિતા, તમે મારા બંધુ તમે મારા સખા.
તમે મારી વિદ્યા તમે મારી લક્ષ્મી, હે પ્રભુ તું જ મારું સર્વ છે !

જોયું, સંસ્કૃતનો શ્લોક ગુજરાતીમાં કેવો ફીટ થઈ ગયો ? એકવાર ધર્મમાં ગુજરાતી ઘૂસી જશે પછી ભગવાનથી પણ દૂર નહિ થાય. ભગવાને પણ ગુજરાતી શીખે જ છૂટકો. જૂઓને, તુલસીદાસજીએ રામાયણ અવધ ભાષામાં લખ્યું, એ રામાયણ આખો દેશ હોંશેહોંશે વાંચે છે ને ! બીજા હજારો વરસો સુધી ભારતના બધા જ પ્રાંતોમાં તુલસીદાસજીની ભાષાને આંચ નથી આવવાની. ધર્મ બધાનું રક્ષણ કરે છે.

ધર્મ જેટલી જ બીજી અગત્યની વસ્તુ આપણા જીવનમાં હોય તો તે ફિલ્મો છે. લોકોને જે પદાર્થપાઠ શીખવાડવો હોય તે ફિલ્મોમાં ઘૂસાડો. લોકોને ઘેનની દવા આપવી હોય તો તે પણ ફિલ્મો દ્વારા થાય. આપણા જીવન પરથી ફિલ્મો નથી બનતી પરંતુ ફિલ્મો પરથી આપણા જીવન બને છે. ફિલ્મની ફેશન, ફિલ્મનો પ્રેમ, ફિલ્મની ભાષા, આપણા જીવનમંત્ર છે. ઈન્ગલેન્ડ અમેરિકાના ભારતીય કલ્ચરલ પ્રોગ્રામમાં ફિલ્મી નૃત્યો આવી ગયા એટલે આપણું કલ્ચર આવી ગયું.

આમાં કોઈ રીતે ગુજરાતી ભાષા ઘૂસાડી દેવાય તો નવી પેઢી ગુજરાતી ભાષાને નવું કલ્ચર ગણીને જીવનમાં અપનાવશે. અને ગુજરાતીના અસ્તિત્વની ચિંતા મટી જશે. જો ગુજરાતી ફિલ્મોને બીજા રાજ્યોમાં, બીજી ભાષાઓમાં, બીજા દેશોમાં પ્રખ્યાત બનાવીએ તો બીજા લોકો ગુજરાતીના શબ્દપ્રયોગો પોતાની ભાષામાં વાપરતા થાય. અમેરિકામાં ઈટાલિયન અને ફ્રેન્ચ ફિલ્મો ધૂમ મચાવે છે. પરિણામે અંગ્રેજીમાં અનેક ઈટાલિયન અને ફ્રેન્ચ શબ્દોએ ઘર કરી લીધું છે. આપણા ગુજરાતી દિગ્દર્શકો ફેલિની કે લૂઈથી જરાય ઊતરતા નથી. એમની બનાવેલી ફિલ્મો જો વિદેશોમાં જામી જાય તો ગુજરાતી ભાષાની બોલબાલા થાય અને તેનો વિકાસ પણ થાય. સાથે સાથે ગુજરાતી કલ્ચર, રાસ, ગરબા, વગેરે પણ લોકપ્રિય બને. આપણી ભાષા વિદેશીઓને ગમવા લાગશે. આપણે ગુજરાતી શબ્દોનો અંગ્રેજીમાં પ્રયોગ કરીએ છીએ ત્યારે બીચારા ભાષાશાસ્ત્રીઓને નથી ગમતું. તેમનું દુ:ખ એ છે કે હવે આ ગુજરાતીમાં વપરાતા અંગ્રેજી શબ્દોના વ્યાકરણનું શું ? બુકનું બહુવચન બુક્સ કે બુકો ? કેમેરો ને કેમેરા કે કેમેરા ને કેમેરાઓ ? જેમ સફેદનું સફેદી ને ધોળુંનું ધોળાશ તેમ વ્હાઈટનું વ્હાઈટી કે વ્હાઈટાશ ? આટલું ઓછું હોય તેમ તે લોકોએ ગુજરાતી જોડણીની ચિંતા પણ કરવાની ને ? બુક લખવું કે બૂક ? સ્કુલ કે સ્કૂલ ? રિપિટ કે રીપિટ ?

ટૂંકમાં વ્યાકરણશાસ્ત્રના ધંધામાં તેજી આવશે. આપણી ભાષા આપણા જેવી જ ઉદાર દિલવાળી છે. આપણે ત્યાં પારસીઓ સમાયા, સિંધીઓ સમાયા અને સાથે તેમની ભાષા અને સંસ્કૃતિ પણ સમાયા. આમ જૂઓ તો ફારસી અને અરબી શબ્દોથી ગુજરાતી ભરપૂર છે જ. તો પછી આ અંગ્રેજી શબ્દોનો શું વાંધો ? વોટર ડ્રીન્કો કે પાણી પીઓ, આપણે તો તરસ કે થર્સ્ટ છીપાવવા સાથે કામ છે ને ?

## પૈસા કોના, વાપરે તેનાં

મુકુલ આચાર્ય, રાજકોટ

અહમદશાહ બાદશાહનાં એક નગરમાં રહેતા હસમુખભાઈ નામના એક સજ્જનની આ વાત છે. તેમનાં પત્નીનું નામ તારામતી. હસમુખલાલના મુખનું હાસ્ય લગ્ન પછી તારાબહેને ક્યાંક સંતાડીને સાંચવી રાખેલ. બેએકવાર તેમને હાસ્ય વાપરવા આપ્યું હશે તેમ તેમના જીવન પરથી લાગે. કારણકે તેમને આઠ વર્ષનો બાબો ને પાંચ વર્ષની બેબી છે. હસમુખભાઈ બેંકમાં નોકરી કરે એટલે સંપન્ન હતા પણ સુખી ન કહેવાય. બેંકની નોકરી એટલે સહેજે દશહજાર જેવી આવક ખરી. હસમુખભાઈ પત્નીવ્રતા હતા એટલે પૂરો પગાર તારાબહેનનાં ચરણોમાં ધરી દેતાં. તારાબહેન કરકસરીઆ નહોતા પણ ઉરકસરીઆ હતા. કરથી કસર કરવાને બદલે ઉરથી કસર કરતા અને દોઢ હજારમાં ઘરખર્ચ આટોપી લેતાં.

હસમુખભાઈને રોજ ઓફિસે જતી વખતે દશ રૂપીઆ ખીસ્સામાં રાખવા આપતાં. પણ બસ ભાડાનાં પૈસા બાદ કરી બાકીની રકમ સાંજે તારાબહેન પાસે જમા કરાવવી પડે. એકવાર મિત્રોના દુરાગ્રહથી ઓફિસની સ્ટાફ માટેની કેન્ટિનમાં ઓછા ભાવની બે ઈડલીનો સ્વાદ માણ્યો ! ભૂલથી પણ ચા ન પીનારા હસુભાઈએ બે ઈડલી ખાધી. ખાધી તો ખરી પણ પછી હસુભાઈને ઓફિસમાં ચારે બાજુ તારા ને તારા જ દેખાતા હતા કે દેખાતી હતી તેમ કહીએ તો પણ ચાલે. ઓફિસેથી ઘેર આવતાં પંદર મિનિટ લાગે પણ આજે અજ્ઞાત ભયથી એ સમય કલાક જેવો લાગ્યો.

ઘેર આવતાં જ ઈન્સપેક્ટરે ખમીસપાટલૂનનાં ખીસ્સાં તપાસ્યા. ત્રણ જ રૂપીઆ નીકળ્યા !

'આઠ પાછા આવવા જોઈએ ને ત્રણ જ કેમ ?' તારાબહેન તાડૂક્યા. અમને પડોશમાં સંભળાય એટલું ધીરેથી બોલતા હતા !

હસમુખભાઈ થોથવાતા થોથવાતા કહી રહ્યા હતાં, 'એ તો, એ તો, આજ ઓફિસમાં બે ઈડલી ખાધી હતી. મારી ઈચ્છા નહોતી પણ સ્ટાફના માણસોએ આગ્રહ કર્યો એટલે ઈડલીનો સ્વાદ કેવો હોય તે જાણવા જ ફક્ત બે ઈડલી ખાધી હતી.'

'બસ, બસ, રહેવા દો હવે. પાંચ વર્ષ પહેલાં મારી બહેનપણીને ત્યાં ચાર ચાર ઈડલી ગળચી ગયાં હતાં , તે ભૂલી ગયાં ? આજનું સાંજનું જમવાનું બંધ. બહારનું ખાવાથી પેટમાં દુ:ખે.' વાદળાંવાળી રાત્રિએ પણ હસુભાઈને તારા જ દેખાતા - દેખાતી - હતાં

હસનુખભાઈનું મકાન અમારા મકાનની બરોબર બાજુમાં જ. બારીમાંથી તે લોકોની ગતિવિધિ સહેલાઈથી જોઈ શકાય, શ્રવણ કરી શકાય તેટલું નજીક. સવાર સવારમાં તારાબહેનના ધોકાનો અવાજ અને પછી અગાશી પર કપડાં સૂકવવા એ તેમનો નિત્યક્રમ. હું રોજ જોઉં. બધા કપડાંની સાથે તારાબહેન મચ્છરદાનીનાં બેત્રણ ટૂકડા સૂકવતા હતાં. હું માથું ખંજવાળું. 'આ ટૂકડા શા કામમાં આવતા હશે ?'

મેં એક દિવસ મારી પત્નીને પૂછ્યું, 'હે ગીતા, અગાશીમાં જો તો, તારાબહેન કપડાં સૂકવે છે.'

'છો ને સૂકવતા, તમારે શી પંચાત ?' ગીતાએ છણકો કર્યો. વાતવાતમાં છણકો કરવો એ ગીતાનો નિયમ હતો !

'ના, ના, હું એમ પૂછતો હતો કે રોજ કપડાં સાથે મચ્છરદાનીનાં ટૂકડા શા માટે સૂકવે છે ?'

' અરે, ધીરે બોલો, તારાબહેન સાંભળી જાશે તો એમને ખરાબ લાગશે. એ મચ્છરદાનીનાં ટૂકડા નથી, એ તો એમનાં બધાનાં ટુવાલ છે. હું તો ઘણા વર્ષોથી જોઉં છું. હવે રંગ ઝાંખો થઈ ગયો છે.'

બચત તો તારાબહેનની જ ! કપડાં ધોવાના હોય કે નહાવાનું હોય, સાબુ તો હરણ છાપ જ વાપરવાનો. સર્ફ, નીરમા, તો ફક્ત ટીવી પર જ જોવાય, ઘરમાં નહીં. હસમુખભાઈને ઘરમાં જૂઓ તો વાતાનૂકુળ બનિયન, વીસપચીસ હવાબારી સાથેનું અને લેંઘો એવો કે તારાબહેન કદાચ ગળીને બદલે હળદર વાપરતા હોય તો કહેવાય નહીં - લેંઘાના રંગ પરથી કહું છું. એવા વસ્ત્રો પહેરીને એક રવિવારે દોડતાં જ મારે ઘેર આવ્યાં ને બોલ્યા, 'દવેભાઈ, તમારે કાલે ઈલેક્ટ્રિકનું બીલ આવ્યું ?'

'હા, મારે પણ કાલે જ બીલ આવ્યું. શું થયું ?' મેં પૂછ્યું.

'દવેભાઈ, આ વખતે તો જબરું બીલ આવ્યું છે. મારે કદી સો રૂપીઆથી વધારે બીલ આવે નહીં અને આ વખતે એકસો પાંચનું આવ્યું. તારાને તો રસોઈ કરવાનો મૂડ જ નથી. મને કહે ઝટ જઈને દવેભાઈને મળી આવો, તેમને ખબર હશે ભાવ વધ્યા હશે તો. મીટર તો ખરાબ નહીં થયું હોય ને ?'

મેં કહ્યું, 'મારે તો દર વખતે પાંચસો રૂપીઆ જેટલું આવે છે અને આ વખતે પણ એટલું જ આવ્યું છે. ભાવ પણ નથી વધ્યા.'

'શું વાત કરો છો ? તમને તો ખબર છે અમે વીજળીની કેટલી બચત કરીએ છીએ. રાત્રે જમીને ઓસરીમાં હિંચકા પર બેસું ત્યારે કદિ મને બત્તી બાળતાં જોયો છે ?' મનમાં થયું કે કહી દઉં કે મારા છોકરાં ઘણીવાર પૂછે છે કે હસમુખભાઈના હિંચકે રોજ ભૂત હિંચકા ખાય છે ?

હસમુખભાઈ નિરાશ થઈને પાછા વળતાં હતાં ત્યાં મારા મગજમાં વગર પૈસાની બત્તી થઈ. 'ઊભા રહો, હસમુખભાઈ. તાળો મળી ગયો છે.'

'હેં, સાચે જ ?' હસમુખભાઈનું મોઢું પહોળું થઈ ગયું.

'જુઓ, દશેક દિવસ પહેલાં તમારે ત્યાં રાત્રે સાપ નીકળેલ અને તમે આખી રાત ફળિયાની બત્તી ચાલુ રાખેલ. પછી પાંચ રૂપીઆ વધારે બીલ આવે જ ને ?'

'હાશ, દવેભાઈ, હવે તમારા ભાભીને શાંતિ થશે અને નિરાંતે જમીશું.'

કહેવાનું મન તો થયું કે જો 'મણીધર' નીકળ્યો હોત તો આટલું બધું બીલ ન આવત.

એકવાર ગીતા કહે, 'તમને ખબર છે, તારાબહેન આપણે ઘરે રોજ શાક સુધારવાની મદદ કરવા કેમ દોડી આવે છે ?'

'મને શી ખબર ? તું જ કહે ને.'

'જૂઓ, આપણે ત્યાં આજે શેનું શાક છે ?'

મેં કહ્યું, 'દૂધીનું.'

'તો કહો, તારાબહેનને ઘેર શેનું શાક હશે, બોલો, બોલો ?'

'અરે, આવાં તે ઊખાણાં હોતા હશે ?'

'ના, ના, જવાબ આપો.' તેની ધીરજ ન રહી. 'હું કહી દઉં છું, 'દૂધીની છાલનું શાક તારાબહેનને ઘેર !'

'હવે જા, જા. એવું તે હોતું હશે ?'

'શાક સમારવામાં મદદ કરીને તારાબહેન જ્યારે પાછા વળતાં હતાં ત્યારે મને કહે, લાવો ગીતાબહેન, કચરો હું બહાર ફેંકતી જઈશ. અને પ્લાસ્ટિકની થેલીમાં કચરો ભરી એ સાથે લઈ ગયાં. મેં બારીમાંથી જોયું કે તેઓ ઘરમાં દાખલ થતાં હતાં ત્યારે પ્લાસ્ટિકની થેલી હાથમાં જ હતી.'

મેં કહ્યું, 'તમે બૈરાંલોકો, બીજાનાં વખાણ કરવાનું કદી નહીં ચૂકો.'

'તમને ખબર છે ? જે દિ છાલ ન મળે ત્યારે આખા વર્ષ દરમિયાન ગુંદાનું અથાણું જ તેમનું શાક. બાકી કોઈને ત્યાં પ્રસંગમાં જમવા જવાનું હોય તો તે લોકોને શાક ખાવા મળે.'

હસમુખભાઈ અને તેમનાં બાળકોને મીઠાઈ તો કોઈના લગ્નપ્રસંગમાં જવાનું હોય તો જ માણવા મળે. તારાબહેનને ૨૧ રૂપીઆના ચાંદલામાં ચાર જણનું મીઠાઈ સાથેનું ભોજન માણવું ગમે.

તેમના બાબાને એકવાર શરદી, ઉધરસ ને તાવ હતા. હસમુખભાઈને થયું લાવ ને બાબાને ડોક્ટર પાસે લઈ જાઉં. તારાબહેન ઊછળી પડ્યા, 'તમે તો કેવા છો ? આટલી અમથી શરદી માટે ડોક્ટરના પૈસા ખર્ચાતા હશે ? એની મેતે મટી જાશે. નકામા ડોક્ટરને પૈસા આપવાના ?' હસમુખભાઈએ જરા ડરતાં કહ્યું, 'પછી ન્યુમોનિયા થઈ જાશે તો ?' '

'કેમ વળી, પછી તો બેંક પૈસા આપશેને ? અત્યારે થોડા જ આપે ?' તારાબહેનની ઊરકસર કહેવી પડે !

વિજળીની શોધ કોણે કરી ? ટેલીફોનની શોધ કોણે કરી ? ટીવીની શોધ કોણે કરી ? તમારી પાસે આના જવાબો તરત જ મળશે. પણ કહો જોઈએ એક સાંધાવાળા ને બે સાંધાવાળા સાડલાની શોધ કોણે કરી ? માથું ખંજવાળશો. તમને ખબર ન જ હોય ! તારાબહેન ઘરમાં બે સાંધાવાળો સાડલો અને બહાર જવા માટે એક સાંધાવાળો સાડલો વાપરે છે. સાડી નહીં.

તારાબહેન પૈસા પૈસાની બચત કરીને બચાવેલા પૈસા હસમુખભાઈની બેંકમાં નહીં મૂકવાના પણ વધુ વ્યાજ આપતા એક શરાફને ત્યાં મૂકતા. બેંક કરતાં બમણું વ્યાજ દર મહિને આપતો.

આજે મારી પત્ની કહે, 'સાંભળ્યું, આજે તારાબહેન ઘરની બહાર પણ નીકળ્યાં નથી. જરૂર તેમનાં ઘરમાં કાંઈક નવાજૂની થઈ છે.' મેં જઈને જોયું તો તારાબહેનનાં ઘરમાં રડારોળ થતી હતી.. હસમુખભાઈ મોટે મોટેથી બોલતા હતા, 'હવે ભોગવ તું. બહુ હોંશિયાર થતી હતી ને ? હવે ફરીથી બચત શરૂ કરજે. ન તારા પેટમાં કાંઈ નાંખ્યું ન અમારા પેટમાં નાંખવા દીધું. ગયું બધું શરાફના પેટમાં. વ્યાજની લાલચમાં મને એક સ્કૂટર ન લેવા દીધું ને પેલો શરાફ તારે પૈસે મોટરમાં ફરતો હશે. રાતોરાત ગામ છોડીને ભાગી ગયો છે જો. પૈસા કોનાં ? વાપરે તેનાં.'

ગુજરાતી સાહિત્યના પ્રચાર માટે એક અનોખો પ્રયોગ અહીં કરવામાં આવે છે. આ વિભાગમાં વાચકોએ ગુજરાતીમાં રજુ કરેલા લેખો, વાર્તાઓ વગેરે તેના અંગ્રેજી ભાષાંતર સાથે રજૂ કરવામાં આવશે. યોગ્ય સર્જનકૃતિઓ મોકલવા ગુજરાતી ભાષા પ્રેમીઓને આમંત્રણ છે.

જેઓ ગુજરાતી નથી વાંચી શકતા તેમને પણ આથી ગુજરાતી સાહિત્યનો લહાવો મળે. આશા છે કે તેમને એ સંદેશો મળે કે જો તેઓ પોતે જ ગુજરાતી વાંચી શકે તો ગુજરાતીના વિપુલ અને રસપ્રદ સમૃદ્ધ સાહિત્યનો સીધો લાભ લઈ શકે.

-માનદ્ તંત્રી, પ્રવીણ વાઘાણી

## પૃથ્વી પ્રદક્ષિણા

### ૧૪ જૂન ૨૦૦૬ થી 30 સપ્ટેમ્બર ૨૦૦૬

(પ્રવીણ અને મંજુલા વાઘાણી)

ગીતાનો ઉપદેશ લીધો પણ એમાં થોડો ફેરફાર કર્યો. 'કર્મણ્યેવા અધિકારસ્તે મા ફલેષુ કદાચન'ને બદલે 'પ્રવાસેવા અધિકારસ્તે માસંતોષેષુ કદાચન'. પ્રવાસ કરવાનો તમને અધિકાર છે પણ તેના ફળ પર તમારો અધિકાર નથી. ફળ વિષે તમે કાંઈ નિશ્ચિત ન કહી શકો. તમે ઘેરથી પ્રવાસ માટે નીકળો ત્યારે એક વાત સમજી લો કે હવે તમે ઘરની બાહર છો અને ઘર જેવું બાહર ન હોય. પ્રવાસમાં તમને આનંદ મળશે કે ઉદ્વેગ, સુખ મળશે કે દુઃખ, બધે ધારી સગવડતા મળશે કે અગવડતા, તડકો હશે કે વરસાદ, શરદી હશે કે ગરમી, બધા પ્લેન-ગાડીઓ સમયસર ચાલશે કે વિલંબ થશે, હોટેલના રૂમમાં ધારી સગવડતાઓ હશે કે નહિ, ખાવાપીવાનું ભાવતું મળશે કે નહિ, અરે, તમારો સવારનો એક કપ ચા પણ મળશે કે નહિ, વગેરે વગેરે પ્રવાસના અનેક પાસાઓ છે જેના પર તમારો કોઈ અંકુશ નથી. અમે થોડા સમય પહેલાં અમારા ઘરથી લગભગ વીસ કિલોમીટર દૂરના 'ડાંડિનોંગ' નામના પરામાં હિન્દી ફિલ્મ જોવા ગયેલા. ફિલ્મ ઈન્ટરવલ સુધી જોઈ હશે ત્યાં 'ઈલેક્ટ્રિસિટી બ્લેકઆઉટ' થતાં ફિલ્મ અધૂરી જોઈને અમારે પાછા ફરવું પડયું. આજુબાજુના બધા રેસ્ટોરન્ટો પણ બંધ થયા એટલે અમને ખાવાપીવાનું પણ ક્યાંય ન મળ્યું !

કર્મ તો કરવું જ જોઈએ એમ જેમ ગીતાનો ઉપદેશ છે તેમજ પ્રવાસ વિના તો જીવન શક્ય જ નથી. પ્રવાસ એ જીવનનું મૂળભૂત કર્મ છે, અવિભાજ્ય અંગ છે. માનવી જન્મે છે ત્યારથી નાનામોટા પ્રવાસ કરતો જ રહે છે. તમે એક ઘેરથી બીજે ઘેર જાવ, એક શેરીમાંથી બીજી શેરીમાં જાવ, એક પરામાંથી બીજા પરામાં જાવ, એક શહેરમાંથી બીજા શહેરમાં જાવ, એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જાવ કે એક દેશમાંથી બીજા દેશમાં જાવ. બધાજ નાનામોટા પ્રવાસો છે. પગપાળા જાવ, સાયકલ પર જાવ, સ્કૂટર પર જાવ, રિક્સામાં જાવ, ટેક્સીમાં જાવ, તમારી પોતાની કારમાં જાવ, બસમાં જાવ, ગાડીમાં જાવ કે પ્લેનમાં જાવ, એ બધા પ્રવાસ જ છે. વાસ્તવમાં તમે પૂજાપાઠ વિના ચલાવી શકો પણ પ્રવાસ વિનાના જીવનની કલ્પના કરવી પણ અશક્ય છે. જો તમે તમારા જીવનમાંથી 'પ્રવાસ' કાઢી નાખશો તો શેષ બહુ ઓછું બચશે !

ઘરથી નીકળી તમે બઝારમાં ખરીદી કરવા જાવ, ઘરથી કામ કે નોકરી માટે જાવ એ પણ પ્રવાસ જ છે. તમે એક ગામથી બીજે ગામ જાવ અને સાથે ભાતું લઈ જાવ તેને પ્રવાસ કહો. આજકાલ માણસ નોકરી, ધંધા કે શોપિંગ માટે એક ગામથી બીજે ગામ જ જાય છે. બધા જ બહાર નથી ખાતા, ઘણા સાથે ભાતું પણ લઈ જાય છે. મુંબઈમાં ટીફીનવાળા ઘેરથી ટીફીન પહોંચાડે છે. ઓસ્ટ્રેલિયામાં ઘણા લોકો ઓફિસે કે ફેક્ટરી પર પોતાનું લંચ ને કોફી સાથે લઈ જાય છે. મેલબર્નમાં અમારે ત્યાં ઘરના પેઈન્ટીગ માટે માણસો આવેલા તે પંદર કિલોમીટર દૂરના પરામાંથી આવેલા અને સાથે લંચબોક્ષ અને કોફી



An innovative experiment is being done here to promote the Gujarati literature in English. Contributions from the readers will be printed in English translated from Gujarati. Readers, lovers of Gujarati, are invited to send creations with its English translation.

Those who cannot read Gujarati will thus be able to enjoy the Gujarati literature. It is hoped to send a message that if they will learn to read Gujarati then they can enjoy directly the interesting and unlimited, rich Gujarati literature.

–Hon. Editor, Pravin Vaghani

## WORLD TOUR

### 14 June 2006 to 30 September 2006

### USA, Uk, Germany, India, Singapore

### Pravin & Manjula Vaghani

**(English translation by: Dr Kishor P. Dabke Hon. Research Associate, Dept of Electrical and Computer Systems Engineering, Monash U niversity CLAYTON, Melbourne Australia)**

We adapted the advice from Bhagwatgeeta with a minor variation. Instead of "You have the right only to your deeds, not to the fruits of your efforts", we noted that in travel "You have the right only to your travels, not to the full satisfaction from your labours". When you step out from home, you must understand that what's out there is not like at home. In travels, you may have joy or sorrow, comfort or suffering, expected conveniences or inconveniences, sunshine or rain, cold or heat, punctual or delayed arrival by all means of transport, expected facilities or lack thereof in hotels, your favourite food or not, or even the early morning 'cuppa' or not, etc. etc. are many aspects of travel over which you have no control. Recently, we went to see a Hindi film just 20 km from home in a suburb called Dandenong. We had hardly seen the film up to the interval when there was a blackout and we had to leave the theatre. All the neighbouring restaurants had also closed so we couldn't even get a meal!

Just as Bhagwatgeeta advises that one must do one's duty, so life without travels is impossible. Travel is life's fundamental duty and an inseparable part of it. A human being undertakes a long or short journey from birth. If you go from one house to another, from one street to another, from one suburb to another, from one state to another or from one country to another, they all involve travel – long or short. Whether you go on foot or pedal around on a bike, ride a scooter, take a rickshaw or ride in a taxi, drive your own car or take a bus, catch a train or a plane, they are all travels. In fact, you can get by without religious rituals but life without travel is difficult to imagine. If you omit travel from life, what's left amounts to very little!

Going shopping or leaving home to go to work, all involve travel. If you go from one town to another with

માટે ગરમ પાણી કરવા ઈલેક્ટ્રિક કેટલ લઈને આવેલા. રાજકોટમાં સુતાર આવેલા તે પાંચ કિલોમીટર દૂરના પરામાં રહેતા. પોતાનું જમવાનું ટીફીન, ચાનું થર્મોસ અને પાણીની બોટલ સાથે લાવતા.

આમ આપણું આખું જીવન પ્રવાસથી ભરપૂર છે. પ્રવાસ કહો કે યાત્રા, મનુષ્યજીવનનું કર્તવ્ય છે, માનવસમાજની આર્થિક તંદુરસ્તીનો આધારસ્તંભ છે, હજારો લોકોના જીવનનિર્વાહનું ઝરણું છે. પહેલાં જ્યારે અત્યારના જેવા મુસાફરીના સાધનો અને રસ્તાઓ નહોતા ત્યારે પણ માણસો પગપાળા, કોઈ પ્રાણી પર સવાર થઈ(ઘોડો, ઊંટ, ખચ્ચર, હાથી, યાક) અથવા તો ગાડામાં બેસી પ્રવાસ, યાત્રા, કરવા નીકળી પડતો. સૌરાષ્ટ્રથી મથુરા કે બદરી-કેદારનાથ સુધીના રસ્તે સેંકડો દહેરાં, મંદિરો બંધાયેલા છે. આ બધાના પૂજારીઓના જીવનનિર્વાહનો આધાર યાત્રાળુઓ જ છે. જંગલમાં સંતાઈને રહેતા અને લાગ મળે યાત્રાળુઓ પર ત્રાટકીને તેમને લૂંટી લેતા લૂટારાઓના જીવનનિર્વાહનો આધાર પણ આવા યાત્રાળુઓ પર જ હતો ! અરે, તમે વિચાર કરો, જો કોઈ યાત્રાળુઓ જ ન આવે તો આ દહેરાંઓ, મંદિરોની કોઈ દેખભાળ પણ ન કરે અને એ બધા ખંઢેર બની જાય.

હવે યાત્રાના સ્થળોએ, જોવાલાયક સ્થળોએ તથા ત્યાં જવાના રસ્તાને કાંઠે, ઠેરઠેર રહેવા માટે, ધર્મશાળા ઉપરાંત વીશીઓ, મોટેલો, હોટેલો, વગેરે હોય છે. ખાવાપીવા માટે રેસ્ટોરન્ટો અને કોફી લાઉન્જિસ હોય છે. પૂજાના સામાન વેચતી દુકાનો હોય છે. આનંદ-પ્રમોદ માટે ‘એન્ટરટેઈનમેન્ટ પાર્ક’ અને ‘ફન પાર્ક’ હોય છે. હરવાફરવા માટે બસ, ટેક્ષિ કે રીક્ષા હોય છે. આ બધાની આર્થિક સલામતી, સદ્ધરતા, પ્રવાસીઓ પર નિર્ભર છે. આ લોકો પ્રવાસીઓની સેવા માટે તત્પર રહે છે. પ્રવાસીઓના ધર્મ, નાત, જાત, વગેરે બાબતોથી તેઓ અલિપ્ત છે. તેઓ સર્વને સમાન વિવેક અને સ્મિતથી આવકારે છે. જાપાનમાં આવા કામ માટે રાખવામાં આવતા યુવક-યુવતિઓને હસતું મોઢું રાખવાની ખાસ તાલીમ આપવામાં આવે છે. ઘણા લોકો આને ‘પ્લાસ્ટિકનું’ એટલે કે કૃત્રિમ સ્મિત કહે છે. કારણ કે આ સ્મિત પાછળ ઓળખાણનો ઉમળકો નથી હોતો. ભલે, તેવું તો તેવું, સ્મિત તો છે ! તમે કોઈ સાડીની દુકાનમાં દાખલ થાવ ત્યારે ‘આ હવે કેટલી સાડીઓ ખોલાવશે ?’ એવા વિચાર માત્રથી સેલ્સપરસનની ભ્રુકુટિઓ ત્રાંસી થઈ જતી હોય અને ચહેરો તરડાઈ જતો હોય એવા ચહેરાને જોવા કરતાં તો આ સ્મિત હજાર દરજ્જે સારું ! સાચા અર્થમાં આ લોકો ‘શાંતિ દૂત’ છે. તેમનામાં ‘સર્વધર્મ સમાન’ કે ‘સર્વ મનુષ્યો સરખા’ સમજવાની ઉત્તમ ભાવના હોય છે.

બીજી તરફ માણસમાં પોતાનામાં પણ ‘ભાઈચારો’, ‘અરસપરસ પ્રેમભાવ’, ‘અજાણ્યા પ્રત્યે મિત્રભાવ’, ‘ચલાવી લેવું’ વગેરે ઉમદા સંસ્કારો પ્રવાસ સીચે છે. ઘેરથી બે કલાક પૂજાપાઠ કરી ટીલાં ટપકાંવાળો ચૂસ્ત બ્રાહ્મણ પણ એક્ષ્પ્રેસ બસમાં ચઢતી વખતે એમ પૂછવા નહિ રોકાય કે ‘આ બસમાં કોઈ ભંગી બેઠો હોય તો મારે આમાં નથી જવું’. કે પ્લેનમાં કોઈ યહુદી તેની બાજુની સીટ પર બેઠેલા પઠાણ સામે વાંધો નહિ લે.

જો પ્રવાસીઓ ન આવે તો આ બધી પ્રવૃત્તિઓ બંધ થઈ જાય, તેમાં કામ કરતા માણસોની નોકરી જાય, તેના માલિકોને નૂકશાન જાય અને પાયમાલ થઈ જાય. ઓસ્ટ્રેલિયામાં છેલ્લા ત્રણ વર્ષથી દુષ્કાળની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. તદુપરાંત આ સમયમાં પેટ્રોલના ભાવ ડબલ થઈ ગયા છે. જેને કારણે માણસોએ પ્રવાસ કરવાનું ઘણું ઓછું કરી નાંખ્યું છે. આનું પરિણામ એ આવ્યું છે કે મોટેલો અને હોટેલોએ તેમના ઘટતા નફામાં કાપ ન આવે તે માટે કામ કરતા માણસો ઘટાડયા છે. બસ કંપનીઓ મુસિબતમાં છે. નાનામોટા ગામોમાં ઘણા રેસ્ટોરન્ટો અને કોફી લાઉન્જો અને નાના પેટ્રોલ સ્ટેશનો બંધ થઈ ગયા છે.

‘હોસ્પિટાલિટી ઈન્ડસ્ટ્રી’ ને ‘ટુરિસ્ટ ઈન્ડસ્ટ્રી’ તરીકે ઓળખાતા આ વ્યાપારનો સંપૂર્ણ આધાર તમારી પ્રવાસ પ્રવૃત્તિ પર છે. પ્રવાસીઓ વગર આ વ્યાપાર ખોરવાઈ જાય, મૃતઃપ્રાય બની જાય કે બંધ થઈ જાય ને સેંકડો કે હજારો લોકો આજીવિકાવિહિન બની જાય.

packed lunch, you would call it travel. These days people go from one town to another for work, business or shopping. Not everyone eats out, many take their own food with them. The ‘Tifinwalla’ in Mumbai brings your (warm) lunch from home (*Translator: and delivers to your desk*) while in Australia many people take their own lunch and coffee to their place of work. The painters who came to paint our house from a suburb 15 km away (in Melbourne), not only brought their cut lunch with them but also a kettle to heat water for their coffee! The carpenters we had in Rajkot came from 5 km away. They used to bring their own lunch, a thermos full of tea and a bottle of water.

Thus our life if full of travel. Call it travel or pilgrimage, it is a duty of human life. It is the central support for the economic health of the human society. It is the wellspring of sustenance for thousands. Back in the old days even when there were no means of transport or roads like today, people ventured on travels and pilgrimages on foot, on the back of an animal (horse, camel, mule, elephant, yak) or in a cart. On the road from Saurashtra to Mathura or even Badri-Kedar (*Translator: in the Himalaya mountains*) there are hundreds of shrines and temples. The priests in these were sustained by the pilgrims. The robbers hiding in the jungles and opportunistically attacking and looting the pilgrims were also supported by the pilgrims. Just think, if no pilgrims had come, there would have been no one to look after the shrines and temples and they would have all been reduced to ruins.

Nowadays, the places of pilgrimage and scenic spots, and on the roads leading to these have places to stay such as Dharmashala (*Translator: free accommodation*), snack-houses, motels, hotels etc. For refreshments, there are restaurants and coffee-houses. There are shops selling things for offering homage. For amusement, there are ‘entertainment parks’ and ‘fun parks’. There are buses, taxis and rickshaws as means of transport. The economic security and prosperity of these depend upon the travellers. The owners of these remain ready to serve the traveller. They are not concerned with the religion, caste etc. of the travellers. They welcome all with the same smile and politeness. In Japan, young people employed in this trade receive special training in the art of smiling. Some call such a smile ‘plastic’ i.e. an artificial smile because there is no warmth of familiarity behind the smile. No matter, whatever it is, it is still a smile! Rather than enter a saree shop and see the creased forehead and the sour face of the salesperson hiding the thought “How many sarees will I have show this customer?”, such a smile is a thousand times better. In the true sense of the words, these people are ‘peace angels’. They have the noble understanding of “all religions are equal” and “all people are equal”.

On the other hand, travel induces in the traveller the feelings of “brotherhood”, “mutual affection”,



બે વીક પછી તમે પણ ઈન્ડિયા જવાના જ છો. તો પછી તમારી સાસુને તમે સાથે લઈ જવાને બદલે અમારો સંગાથ ગોતીને કેમ મોકલો છો ?



ભઈલા, આવું શું કરો છો ? અમે તો એરપોર્ટ ઉતરીને સીધા જાત્રાએ જવાના છીએ. એમને આ ઉંમરે બધે લઈ જઈને ક્યાં ક્યાં ફેરવીએ ? તમે પણ ખરા છો ! અમારી જાત્રા ડહોળીને તમે ક્યાં પાપમાં પડો છો ?

થોડાં વર્ષો પહેલાં પૂરતા પ્રવાસીઓ ન મળવાને કારણે ઓસ્ટ્રેલિયાની ઘણી જૂની અને માતબર ‘આન્સેટ એરલાઈન’ ફડચામાં ગઈ ત્યારે રાતોરાત સોળ હજાર લોકો બેકાર બની ગયા હતા. તેમણે નોકરી ગુમાવી એટલું જ નહિ પણ તેમની વર્ષોની કમાણીની બચત જે તેમના ‘સુપર’માં હતી પણ કંપનીના કબજામાં હતી તે પણ ગઈ. એ સાથે નાનામોટા સેંકડો ધંધાઓ પણ બંધ થઈ ગયા. તેમાંના કેટલાક લોકો તો એવા પણ હતા જેમણે અભ્યાસ પૂરો કરીને આ કંપનીમાં નોકરી લીધી હતી અને બીજું કોઈ કામ કરવાનો અનુભવ પણ નહોતો. લોનના હપ્તા ભરવાના પૈસા ન હોવાથી બેંકે મકાનનો કબજો લીધો ને બે માળના મકાનમાં રહેવાવાળાને કોઈ મિત્રની મહેરબાની પર તેના ગેરાજમાં રહેવું પડ્યું. કદી કોઈ પાસે હાથ ન લંબાવે તેવા મગરૂર માથાવાળાને ‘સાલ્વેશન આર્મી ’ જેવી સદાવ્રતી સંસ્થાની સખાવત પર આધાર રાખવો પડ્યો.

બીજાનું ભલું કરવું, અન્નદાન આપવું, કોઈના જીવનનિર્વાહનો આધાર બનવું, એ જો બધું પુણ્ય મેળવવાના માર્ગો હોય તો એક નાના એવા પ્રવાસમાં પણ તમે આ બધું જ કરી શકો છો. એમ કહી શકાય કે તમે ઘરમાં બેસી એકબે કલાક પૂજામાં ગાળી જે પુણ્ય મેળવી શકો તેનાથી અધિકગણું પુણ્ય એક નાનો એવો પ્રવાસ કરી મેળવી શકો. જેમ પ્રવાસ મોટો તેમ પુણ્યનું પ્રમાણ વધારે ! પ્રવાસ એ પુણ્ય મેળવવાનો એક મહત્વનો માર્ગ છે. પ્રવાસ એ જ મનુષ્યોની સામાજિક સંસ્થાનો પ્રાણ છે.

આ અને આ પ્રકારના અનેક વિચારો કરતાં કરતાં અમે પ્રવાસ માટેની તડામાર તૈયારી શરૂ કરી દીધી. આપણે તો ભારતીય. જ્યાં જઈએ ત્યાં આપણા સંસ્કાર તો સાથે જ લઈ જવાના. અને તેમાં પણ ગુજરાતી ! ‘જ્યાં જ્યાં જાય ગુજરાતી ત્યાં ગુજરાત ભેગું જાય’. એટલે જાણે આખું ગુજરાત ભેગું લઈને ફરતા હોઈએ એવું લાગે. પણ બે જણ વચ્ચે બે સૂટકેસ અને ૪૦ કિલોના વજનની મર્યાદામાં કેટલુંક ગુજરાત લઈ જવાય ? અમે નક્કી કર્યું કે અમારા પોતાના કપડાં અને સાધનો બને તેટલા ઓછા અને જરૂર પૂરતા જ લેવાના. જો કે આ વાત કહેવામાં જેટલી સહેલી છે તેટલી જ અમલમાં મૂકવામાં તકલીફવાળી છે. તેમાં ખાસ કરી ગુજરાતી નારી માટે. પુરુષ તરીકે મારે તો બે જોડી કપડા અને દાઢી કરવાનો સામાન ભેગો હોય એટલે ઘણું. મારી ધંધાકીય ઘણી મુસાફરીઓ મેં એક નાની સૂટકેસથી કરી છે. પણ મંજુને માટે આ મુસાફરી માટે કપડાં તૈયાર કરવા એક માથાના મોટા દુઃખાવા જેટલું કામ હતું. હરવુંફરવું, મિત્રોને મળવું અને સગાંસંબંધીઓ સાથે રહેવું તથા તેમની મુલાકાત લેવી એટલે પશ્ચિમી, પંજાબી અને ગુજરાતી એમ ત્રણ પ્રકારના કપડાં એણે સાથે લેવાના. અને સૌંદર્ય પ્રસાધનો અને ઘરેણાં તો ખરા જ.

“friendship towards the stranger” and “making do”. Even a strict Brahmin adorned with the outward signs of his religion who spends hours in rituals at home, when climbing into an express bus, doesn’t stop to question whether there is an untouchable in the bus and whether he should get in. In a plane, a Jew doesn’t object to a Pathan sitting next to him.

If travellers don’t come, all these activities will stop. People working in the industry will lose their jobs and the business owners will make a loss and will be ruined. Australia has had a drought for the last three years. On top of that, the prices of petrol have doubled which has caused people to severely cut back on travel. The result is that hotel and motel staff have been laid off to protect a decreasing profit. Bus companies are in trouble. Restaurants, coffee lounges and petrol stations have closed in towns large and small.

This industry, called ‘hospitality industry’ or ‘tourist industry’ depends entirely on your inclination to travel. Without travellers, this business will be disrupted, will be listless or even close, and hundreds – nay thousands – will be without a livelihood. Some years ago, in Australia when the old and prosperous airline – Ansett Airlines – went bankrupt because of a lack of passengers, thousands of people became jobless overnight. Not only did they lose their jobs, they also lost the money in the ‘super’ they had accumulated over the years because that too was under the control of the company. Along with that, hundreds of small and large businesses also closed. There were many people who had joined the company after schooling and had no other experience. The banks foreclosed the mortgages of people who couldn’t pay the installments on their loans and they had to move out of a large home into a friend’s garage. People who had never put their hand out for anything were forced to depend upon the charity of charitable organisation like Salvation Army.

અને 'બધો ભાર કન્યાની કેડ પર'ની જેમ વીસ કિલો વજનની મર્યાદામાં રહીને આ બધું ભેગું લેવાનું. અહીં તમે મને કહેવા માટે ઉચાનીચા થતા હશો કે 'આજકાલ એરલાઈનવાળા ત્રીસ કિલો સુધીની એક સૂટકેસ ચલાવી લે છે.' ભઈલા, મને ખબર છે. પણ એટલા વજનની સૂટકેસ ફેરવવાની શક્તિ હવે અમારામાં રહી છે કે નહિ તેનો પણ વિચાર કરવાનો હતો !

અમારો સ્વભાવ છે કે કોઈને ત્યાં ખાલી હાથે તો ન જવાય. કંઈક અંશે આ સામાજિક રિવાજ પણ છે. કોઈ આપણને પ્રેમભાવથી આવકારે અને આપણી પાસે એક મીઠા સ્મિત સિવાય કાંઈ ન હોય તો આપણને અડવુંઅડવું લાગે. કંઈક તો હાથમાં હોવું જોઈએ ! અને તે પણ સામી વ્યક્તિને અનુરૂપ હોય તો વધારે સારું. આ બાબતમાં મંજુની દૂરંદેશી બહુ કામ લાગે છે. વહેલુંમોડું પણ લંડન-અમેરિકા જવાનું તો હતું જ. કોઈને ને કોઈને મળવાનું તો હતું જ. એટલે ભારત, ઓસ્ટ્રેલિયા કે બીજા કોઈપણ દેશમાં શોપિંગ કરતા હોઈએ અને કોઈ વસ્તુ એની નજરમાં બેસી જાય તો 'આ ફલાણા માટે યોગ્ય લાગશે' એમ વિચારી એ ખરીદી લે. (ક્રમશઃ - વધુ આવતા અંકે)

If doing good to others, donating food and becoming the source of someone's livelihood are ways of accumulating merit, then you can do all these things in travel, long or short. One can say that a short travel would accrue more merit to you than spending a couple of hours doing religious rituals at home. The longer the trip, the greater the accrued merit! Travel is an important means of accumulating merit. Travel is the lifeblood of social organisation.

With this and many similar thoughts, we made vigorous preparations for our travel. We are Indians, moreover Gujaratis, so we carry our culture with us and indeed gather Gujarat around us. We look like carrying the whole Gujarat with us. But how much Gujarat can we carry between the two of us with a baggage allowance of 40 kg? We decided to take only the necessary minimum clothes and implements with us. Of course, this is easier said than done, particularly for a Gujarati lady. As a man, if I have two pairs of clothes and the shaving tackle with me, that's more than enough. I have done a lot of business travel with a single small suitcase. But for Manju, organising clothes for this travel was a big headache. To travel, to visit friends and to meet and stay with relatives required carrying three types of clothes – Western, Punjabi and Gujarati. And toiletries and jewellery. All this within the limit of 20 kg. Here, you must be bursting to tell me that these days, airlines do allow a suitcase weighing up to 30 kg. I know. But we had to think about our ability to carry such a heavy suitcase!

It is in our nature not to arrive empty-handed when visiting someone. This is a social custom to some extent. If someone welcomes you with love and all you have is a smile, it feels very awkward. One must have something in the hand to offer! If what you take is particularly suitable for the host, that's even better. Manju's farsightedness was very useful in this matter. We knew we would eventually get to UK and USA. We knew we would eventually meet certain people. So whenever we shopped in Australia, India or elsewhere, Manju always had an eye on certain things which she would buy as being suitable for a certain person.

## આત્માસન્માન, આત્મગૌરવ

'તમે તમારી જાતને શું સમજો છો ?' એવો સવાલ તમને કોઈ પૂછે ત્યારે તમે તેનો શું જવાબ આપો ?

આત્મસન્માન શું છે ? તમારો તમારા વિષેનો અભિપ્રાય !

તમે તમારી જાતને કેટલું માન આપો છો ? તમે આત્મવિશ્વાસથી ભરપૂર છો કે તમે લઘુતાગ્રંથીથી પીડાઓ છો ? કોઈ કાર્યમાં તમે નિપૂણ હો તો કોઈ ક્ષેત્રમાં તમે નિર્બળ હો. આ બધાના સરવાળામાં તમે કેવા છો, કોણ છો, તે તમે પોતાને માટે વિચારો તે આત્મસન્માન !

તમને તમારા પર ખૂબ ભરોસો હોય, તમે તમારી જાતને કુશળ, વિચારશીલ, બુદ્ધિમાન, વ્યવહારુ, ગમે તે મુસિબતનો સામનો કરવાને તૈયાર માનતા હો તો તમને તમારા પોતાના માટે ઘણું માન છે, તમને તમારામાં વિશ્વાસ છે એમ કહી શકાય. એથી ઊલટું તમે વાતવાતમાં ગભરાતા હો, કાંઈ પણ નવું કરતાં અચકાતાં હો, તમને એવું લાગતું હોય કે તમે બીજાની સલાહ વગર કાંઈ પણ નિર્ણય લઈ શકતા ન હો, તમને કોઈ કામ કરવું ફાવતું ન હોય, તો એમ કહેવાય કે તમે મનના ખૂબ જ નબળા છો.

આમ બનવાનું કારણ શું ?

એક વાત સમજવાની છે કે 'આત્મગૌરવ' એટલે તમારો પોતાનો તમારા વિષેનો અભિપ્રાય. પણ એ અભિપ્રાય બાંધતી વખતે તમે તમારી જાતને બીજા સાથે સરખાવો છો જે કોઈ એકાદ આવડતમાં તમારાથી ઉતરતા કે ચડિયાતા છે. અને આમાં તમે જે વાતમાં ઉતરતા છો એ વાતને તમે વધારે મહત્વ આપો છો. પણ આમ તો બનવાનું જ. તમે બધી આવડતમાં બીજા બધાથી ચડિયાતા તો ન જ હોઈ શકો. ગોલ્ફનો ચેમ્પિયન ક્રિકેટમાં નિષ્ણાત હોવાની શક્યતા ઓછી છે. અથવા ટેનિસનો ચેમ્પિયન ચેસની રમતમાં કદાચ ઠોઠ હોય. પણ તેથી ગોલ્ફ કે ટેનિસના ચેમ્પિયનમાં 'આત્મગૌરવ'ની ભાવના જરાપણ ઓછી ન હોવી જોઈએ. કારણકે તે પોતાની પસંદ કરેલી રમતમાં સર્વશ્રેષ્ઠ છે.

તમે શેમાં નિપુણ છો ? એવાં ઘણા કામો હશે જે દુનિયાના બધા માણસો તમારાથી વધારે સારી રીતે કરી શકતા હશે. પણ એવું પણ કોઈ કામ હશે જે તમારી આજુબાજુના માણસો કરતાં તમે વધારે સારી રીતે કરી શકો. એ જાતના કામ પર તમે તમારું ધ્યાન કેંદ્રિત કરશો તો તમારા આત્મગૌરવમાં ઘણો વધારો થશે.

એક બીજી વાત. જીવનમાં નાનામોટા એવા ઘણા કામો હોય છે જે તમે તમારા પોતાના સંતોષ માટે કરતા હો છો. તેમાં તમારે બીજાની સાથે સરખામણી કરવાની જરૂર નથી. કોઈપણ જાતની કળા, ચિત્રકામ, સંગિત, શિલ્પ, સાહિત્યસર્જન, એવી કોઈ પણ બાબતમાં તમને રસ હોય તો ફક્ત 'નિજાનંદ' માટે તમારે તે અપનાવવા જોઈએ. કોઈની પણ સાથે હરિફાઈ કર્યા વગર તમારા આત્માના સંતોષ માટે તેમાં મન લગાડીને કામ કરશો અને ઉત્તરોત્તર તેમાં પ્રગતિ કરતા રહેશો, તમારું દરેક નવું કાર્ય તમારા આગળના કાર્ય કરતાં ક્ષમતામાં ઉચ્ચતર હોય તેવા પ્રયત્નો કરતા રહેશો તો આપોઆપ તમને તમારા કાર્યમાં, કળામાં રસ વધશે અને સાથે તમારા આત્મગૌરવમાં પણ વધારો થશે.

હાથી તમારા કરતાં ઘણો મોટો હોય છે છતાં તમે તેની સાથે તમારા કદને સરખાવીને લઘુતા મહેસુસ નથી કરતા. વાંદરો તમારા કરતાં ઘણી વધારે ચપળતાથી ઝાડની ડાળીઓ પર કૂદાકૂદ કરી શકે છે, માછલી પાણીમાં રહી શકે છે, પંખી આકાશમાં ઊડી શકે છે, પણ તમે એમાંનું કંઈ કરી શકતા નથી અને છતાં એ વિચારથી તમને લઘુતા નથી લાગતી. તો પછી તમારા કોઈ મિત્ર કે સંબંધી કોઈ એકાદ વાતમાં તમારા કરતાં વધારે નિપૂણ હોય એ વિચારથી તમારે શા માટે તમારી જાતને ઊતરતી માનવી જોઈએ. તમારો કોઈ મિત્ર ડોક્ટર હોય જ્યારે તમે એક નિષ્ણાત વકીલ હોઈ શકો. તમારો એક મિત્ર રેસ્ટોરન્ટ ચલાવતો હોય જ્યારે તમે કાપડની દુકાનમાં પ્રગતિ કરતા હો. આમાં એકબીજા સાથે સરખામણી કરવાનો જેમ પ્રશ્ન ઊભો નથી થતો તેમ જ જીવનની દરેક બાબતમાં તમારે દરેક માણસને અલગ જોવો જોઈએ અને તેની સાથે ખોટી સરખામણી કરી તમારા આત્મગોરવને હાની ન પહોંચાડવી જોઈએ.

'પારકે ભાણે લાડવો મોટો'ની જેમ બીજાની આવડત તમારા કરતાં વધારે ઉત્તમ છે તે વિચારને કદી પણ મનમાં આવવા દેશો નહિ. તમારી આવડતની તમારી જ દુનિયા સર્જો. સરખામણી કરવી હોય, હરિફાઈ કરવી હોય તો ફક્ત તમારી સાથે જ કરો. તમે તમારા જ શ્રેષ્ઠ બનો. એ શક્ય છે કે સમય, શક્તિ અને સંજોગો વસાત તમારું એક વખતના શ્રેષ્ઠની સરખામણીમાં બીજી વખતનું કાર્ય ઉતરતું હોય તો તેથી મૂંઝાવાની જરૂર નથી. જેમ દરિયામાં ભરતી-ઓટ આવે છે તેમ દરેક વાતમાં વધઘટ તો થયા જ કરવાની.

તમે બસ તમારી જાત પર ધ્યાન કેંદ્રિત કરો. તમારા આત્મગૌરવમાં જરૂર ખૂબ જ વધારો થશે.



## સત્‌સિયાકાલ

-પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા

સત્‌સિયાકાલ, વાહ રે ગુરુજીકા ખાલસા, વાહ રે ગુરુજીકી ફતેહ, ગુરુ નાનક નામોચ્ચરણ અતિ હિતકારી. ભટીંડાના રાજિન્દર અરોરા નિત આટલું રટણ કરતા. સાઉથહૉલ પરગણામાં પિતાની આંગળી પકડી એ આવેલા. મકાઈના રોટલા અને સરસોંનાં શાકનો સ્વાદ મુલકમાં રહી ગયો, પણ સાઉથહૉલની પંજાબી વસાહતી વસતિ વચ્ચે રહનસહનમાં ખાસ ફેરફાર ના થયો. ગુરુદ્વારામાં એ જતા અને ગ્રંથસાહિબ પાસે માથું ઝૂકાવતા.

આંગ્લ ભૂમિનો પાસ એવો લાગ્યો કે જવાનીનો જોશ આવતાં કડુ, કેશ, કંગી અને ક્રિપાણ છૂટી ગયા, દાઢી પણ ગઈ ! આધુનિક પ્રચ્યૂત કોર સાથે શાદી થઈ, એની મમતે પંજાબી વસ્તીથી દુર એ હન્સ્લોમાં આવી વસ્યા. હિથ્રો ઍરપોર્ટ સાવ નજીક, એ કસ્ટમ અધિકારી બન્યા. મજેથી જિંદગી જતી હતી. જાતજાતના અને ભાતભાતના માણસો સાથે આંખો મળતી.

મર્યાદા બહારનાં માલસામાન બાબતે કૃપાલશિંગ ગિલને સમસ્યા ખડી થઈ, ત્યારે એમણે અરોરાને પકડયા. પાઉન્ડની નોટોનાં વજને પતાવટ કરવાનો એમનો પ્રયત્ન નાકામયાબ રહ્યો. વધારાના વજનનાં પૈસા આપી એ છૂટયા. અરોરાએ એમની સાથે હાથ મિલાવ્યો.

'તમને તકલીફ આપવાનો મારો જરાય ઈરાદો ન હતો, પરંતુ હું ફરજ ચ્યૂત ના થઈ શકું !'

'પાપે, વારેવારે આવવાનું બનતું નથી. માટે શક્ય સાથે લઈ જવાની લાલચ રોકી ના શકાઈ. દોષ મારો હતો, મારો જ સામાન વધારે હતો. બાકી તમે જે કર્યું તે બરાબર જ હતું. તમે ઈમાનદાર છો, ઈમાનદારી સારી નીભાવો પણ છો, આ વ્યાપારીને તમારી ઈમાનદારીમાં રસ પડ્યો છે.'

'વ્યાપારી અને ઈમાનદારી ?!, આ બે તો એક મ્યાનમાં બે તલવારો રાખવા જેવું છે.'

'મ્યાન એની જ્યાએ ઠીક, તલવાર એની જ્યાએ ઠીક, બે તલવારો આપણે એક મ્યાનમાં રાખવી પણ નથી.'

'હું સમજ્યો નહીં !'

'મારો ન્યુયોર્કમાં રેસ્ટોરન્ટ છે, 'શહેનશાહ' એનું નામ છે. બધું જ મારે સારું છે પણ મને ઈમાનદાર મેનેજર મળતો નથી ! તમે ત્યાં આવી જાઓ તો મારી સમસ્યાનું સમાધાન થઈ જાય. સરકારી નોકરીમાં જે મળે છે તે કરતાં તમને અધિક આપવાની હું ખાત્રી આપું છું.'

'હું ઈમાનદાર ખરો પણ કાબેલ ના નીકળું તો ?'

'તો, એ મારું કિસ્મત. એક વાત યાદ રાખો, માણસ જન્મે કાબેલ હોતો નથી, પણ સમય અને સંજોગો એને કાબેલ બનાવે છે. ફાવે તો આપણો સંઘ સાથસાથ, નહીં તો પછી રામરામ. લો, આ મારું કાર્ડ રાખો. વિચાર કરજો, અને જણાવજો.'

'તમારી સુહાની સફર માટે હું કામના કરું છું, આવજો.' રાજિન્દરે કાર્ડ પોતાના ખિસ્સામાં મૂક્યું.

પ્રચ્યૂતને રાજિન્દરના ખિસ્સામાંથી કાર્ડ મળ્યું. પૂછપરછ ના કરે એવી કોઈ પત્ની જ નહીં. રાજિન્દરે વિગતે વાત કરી. બન્નેએ વિચાર કર્યો. લક્ષ્મી સામેથી ચાંલ્લો કરવા આવી, તક ઝડપી જ લેવી જોઈએ.

'આપણે વચ્ચે તો છીએ નહીં, એટલે જેટલા ખંખેરી લેવાય તેટલા પૈસા ખેરવી લેવા.' પ્રચ્યૂતે પતિને પાનો ચઢાવ્યો.

'હું પણ એવો જ વિચાર કરતો હતો. રહેવાકરવાનું પણ પાકું કરાવી લેવું પડશે.'

'ગરજ હશે તો હા કહેશે. ખેંચાય તેટલું ખેંચવું, તૂટે તે પહેલાં સંમત થઈ જવું.' પત્નીએ શાણી સલાહ આપી.

પાંચેક મહિના વાટાઘાટોમાં ગયા. ફેંસલો થઈ ગયો. અરોરા ન્યુયોર્કમાં આવી વસ્યા. રેસ્ટોરન્ટ ઉપરનાં એપાર્ટમેન્ટમાં રહેવાનું અને નીચે જ કામ કરવાનું.

સરસ મેળ પડી ગયો. પૈસાની છત થઈ ગઈ. પણ, પ્રચ્યૂત કંટાળી ગઈ, કશું જ કરવાનું નહીં ! રસોઈ કરવાની નહીં, કારણ કે આ બધું રેસ્ટોરન્ટમાંથી આવી જાય. સાફસૂફી કરવાની નહીં, કારણ કે રેસ્ટોરન્ટનાં નોકરો આવી આ કામકાજ કરી જાય. શરૂમાં એ બહાર ફરવા જતી, બધું જોવાઈ ગયું, હવે શું ? ગિલ શેઠે એનો ઉકેલ કાઢ્યો, નીચે આવી રેસ્ટોરન્ટમાં આવી જે ઠીક લાગે તે કરવું. એનો પગાર પણ નક્કી કરવામાં આવ્યો. એક તો રૂપાળી, અને વળી ફાંકડુ અંગ્રેજી બોલતી, થોડા વખતમાં તો પ્રચ્યૂત રેસ્ટોરન્ટની અનિવાર્ય વ્યકિત બની ગઈ.

બન્યું એવું કે રાજિન્દરને માંગ્યું તે મળ્યું ખરૂં, પણ પહેલાં જેવો વટ અને મોભો ખોયાનો ગમ રહેવા લાગ્યો. પ્રચ્યૂતે પહેલાં કશું જ કરેલું નહીં, એને તો નવું કરી બતાવવાનો મકસત મળી ગયો. એક મોળો પડ્યો તો બીજી તેજ બની ગઈ. ગિલે ટકોર કરી, રાજિન્દરે રાજીનામું આપ્યું, પ્રચ્યૂતને મેનેજરની બઢતી મળી.

રાજિન્દરે બહાર નજર કરી. હવે તે હળવો હતો. સવારસાંજ એ 'સેન્ટ્રલ પાર્ક'માં જતો. કોઈ ના હોય તો હાથ ઊંચા કરી ઠેકડા લગાવી ચિકન ડાન્સ કરતો, એને આ ભાંગડા કર્યા જેવું લાગતું. જનતાને સહાય કરી શકાય અને દિવસ ગુજરે તો મજા આવી જાય.

એ શહેરની ટૂરિસ્ટ બસ કંપનીનો ગાઈડ બન્યો. દેવાનંદ એનામાં આવી બેઠો. ટાઢ, તડકો, વરસાદ કે પછી સ્નો, બસનાં પૈંડા ફરતાં રહે અને એ પ્રવાસીઓને ફેરવતો રહે. જાદુ કરતો હોય એમ એ નવીનવી જગા પાસે લાવી મૂકે અને વિસ્મય પમાડે. આનંદ એ કે જેમાં મજા પડે. ખુદ તો એ મજા કરે, સાથે બીજાનું મનોરંજન કરવામાં પાછો પણ ના પડે. એને બક્ષિસ પણ સારી મળતી.

રાજિન્દર અને પ્રચ્યૂતની દિશા જ બદલાઈ ગઈ. એમાં વળી લાગ જોઈને ગિલ બરાબરનો ગિલીદંડો ખેલ્યો. પ્રચ્યૂતને એણે અડધા હિસ્સાની માલકણ બનાવી. અડધામાંથી એ ગિલનાં દિલની આખી રાણી બની ગઈ. રાજિન્દર ઈમાનદાર હતો પણ અસફળ કાબેલ નીવડ્યો. એનો સંઘ કાશી સુધી ના પહોંચ્યો. પ્રચ્યૂત એનાથી છૂટી થઈ. બંધન જ ઢીલું, શું થાય ?

રાજિન્દર હવે મેનહટ્ટાનમાં રહેતો નથી. હા, પણ એ દરરોજ બીજેથી અહીં આવે છે ખરો. હવે એ ન્યુજર્સીમાં રહે છે. ટ્રાન્ઝિટ બસનો એ ડ્રાયવર બન્યો છે, કેટલાય વર્ષોથી ફ્રિહોલ્ડ-ન્યુયોર્ક, ૧૩૯ નંબરની બસ, એની સાથી બની છે. ફક્કડરામને જોઈએ પણ શું? નાનું મકાન છે, બધું તૈયાર મળે, ગરમ કરો ભાણું ફટાફટ તૈયાર ! નાન, છોલે, લસ્સી, આવું જે ફાવે તે હવે એને ચાલે છે. ચલતીકા નામ જ ગાડી, બરાબર ને?

આંખ મીંચીને ચલાવે તો પણ નિર્ધારિત રસ્તે બસ દોડે, એવી રાજિન્દરને ગળા સુધીની ખાત્રી છે. રાઉટ નાઈન, પાર્કવે, ટર્નપાઈક, ફોર-નાઈટી-ફાઈવ, લિંકન ટનલ અને ત્યાંથી સીધા 'પોર્ટ ઓથોરિટીનાં ટર્મિનલ'માં, જવાનું અને આવવાનું, આ એની રોજની રફતાર. નિત્યમાં કશુંક ખોવાણું, કંઈક લાધ્યું. ભટિંડા પેલી બાજુ, હન્સ્લો ઉત્તરમાં, પ્રચ્યૂતને ગિલ ગળી ગયો, નુવાર્કે વિમાનો ઉડે, ન્યુયોર્ક-ન્યુજર્સીને લિંકન ટનલ સાંધે અને પોતાને ભરોસે બસ દોડે.

ટનલ એટલે ભૂગર્ભમાર્ગ, ભૂ અને ભૂમિ વચ્ચેની આ રચના કમાલની છે. ના અહીં રાત છે, ના અહીં દિવસ છે, પણ ચોવીસ કલાકની અહીં અવિરત ચહલપહલ છે. રાજિન્દરને આ દોર ઘણો ગમે છે. એક છેડેથી પેસી બીજે છેડે નીકળવાનું, જાણે થોડો વખત દુનિયાથી છુપાઈ જવાનું ! છુપાવાનું, ખરેખર ? ના, સરકવાનું, સરકતા રહેવાનું, અટક્યા તો ખેલ ખતમ, હાડકા-પાંસળા તૂટયાં જ સમજો, વગર ટિકિટે ઉપર પહોંચી જવામાં વાર પણ ના લાગે ! બસમાં બેઠેલાંને ભાગ્યેજ ખબર હશે કે ટનલની અંદર બન્ને તરફ નાની પાળી નીચે નીકો છે. નદી નીચે ટનલ અને પાણીનાં નિકાલ માટે પાછી ટનલમાં નીકો ! જે હશે તે, જે હોય તે, આપણે શું ?

ડિસેમ્બર મહિનો એટલે આનંદ મનાવવાના દિવસો. રંગ, રોશની અને ઝાકઝમાળની તો વાત જ કરવાની નહીં ! દુકાનોમાં ખરીદી કાજે માણસોનું કિડીયારું ઉભરાય ! નાતાલનો તાલ પણ જબરો. ઠેરઠેર પાર્ટીઓ યોજાય, બોનસ-બક્ષિસોથી ખિસ્સાં ગરમ થાય, બધાંને શુભેચ્છા કાર્ડ લખવાનાં, સખત ઠંડી છતાં બાળકોને ખુશ કરવા ભેટસોગાદો સાથે સાન્તાક્લૉસ અચૂક પધારે. લાલ ડગલો પહેરેલા સાન્તાક્લૉસને સિગરેટ પીતાં રાજિન્દરે જોયો તો એ હસવું ખાળી ના શક્યો.

આજે ૨૪મી ડિસેમ્બર, 'ક્રિસ્ટમસ ઈવ' હતી. બજાર અને ઓફિસો વહેલી બંધ થવાની હતી. બસોનો દોર પણ વહેલો ચાલુ થવાનો હતો. પણ, રાજિન્દરની બસનો રન મોડો હતો. પાંચનાં સુમારે રડ્યાંખડયાં જ પેસેન્જરો હતાં, જો કે એમને પોતાને ઘેર વહેલાં પહોંચવાની ઉતાવળ તો હતી જ.

ઠંડી ખાળવા રાજિન્દરે ગરમ કોટ પહેરી લીધો. એણે બસ ચાલુ કરી, સિસકારા સાથે હીટિંગ સીસ્ટીમે શ્વાસ લીધો, સરકતી બસ લિંકન ટનલમાં પેઠી. ખાસ ટ્રાફિક ન હતો. દૂર કશુંક નાનું અમથું અચાનક રાજિન્દરે જોયું. દડો હશે? પણ, આ અહીં ક્યાંથી હોય? બોમ્બ ના હોઈ શકે, કારણ કે જે હતું તે એક બાજુથી બીજી તરફ દોડી જો ગયું ! એણે બસ ધીમી પાડી અને પેલી જગા પાસે લાવી ખડી કરી. નીચા નમી એણે નીક પાસેથી પેલી વસ્તુ ઉપાડી લીધી, અને કોટની બેવડમાં સુરક્ષિત સરકાવી દીધી.

પેસેન્જરો અકળાઈ ઉઠ્યા. બધાની આંખોમાં સવાલ હતો. કેટલાક બબડ્યા પણ ખરા. રાજિન્દરનાં કોટમાથી 'મ્યાંઉ' અવાજ આવ્યો. ઘડીકમાં તીણો, ઘડીકમાં ઝીણો, ઘડીકમાં ધ્રૂજતો, ઘડીએ ઘડીએ આ અવાજ આવતો જ રહ્યો.

ટનલ બહાર બસ આવી. રાજિન્દરે ખુલાસો કર્યો.

'એક નન્હો મુસાફર બસમાં આવી ચઢ્યો છે, સાવ અચાનક ! આ છે મિનડું, મ્યાંઉ મ્યાંઉ કરતાં, મારા કોટમાં રહી એ તમારો આભાર માની રહ્યું છે. ક્યાંકથી એ ટનલમાં આવી તો ગયું, પણ લાઈટોથી અંજાઈ જતાં બીધેલું ગભરાટમાં જાન બચાવવા દોડાદોડી કરી રહ્યું હતું. ટનલની બાજુની નીકોમાં એ કદાચ છુપાઈ જતું પણ હોય ! તમોને થોડી મુશ્કેલી પડી, જે બદલ હું ક્ષમા માંગું છુ.'

બધાને હવે જાણ થઈ. બ્રેવો, સરસ, ધન્યવાદ, આવા તો કેટલાય અવાજો ઉઠ્યા. મુકામ આવતાં મુસાફરો ઉતરતાં ચાલ્યા. કોટમાંથી ડોકું કાઢી મિંનડુ બધા સામે જોતું હતું, જાણે 'મેરી ક્રિસ્ટમસ' કહેતું ના હોય !

ભટીંડા, હન્સ્લો, ન્યુયોર્ક, ન્યુજર્સી, આ બધેથી ફરતાં, ફેરવતાં, ઉપરવાળો રાજિન્દરને ટનલમાં ખેંચી લાવ્યો, કેમ?, તો મિંનડાંને એનો ખપ હતો. મંગલ અને આનંદનો મેળ તે જ કદાચ આ. વાહ રે ગુરુજીકા ખાલસા, વાહ રે ગુરુજીકી ફતેહ, સત્‌સિયાકાલ..

❦ ❦ ❦

## છેદોંસે ભરા સીના હૈ મેરા

**માવજી કે. સાવલા, ગાંધીધામ, કચ્છ.**

"કબીર કબીર ક્યા કરો
જાઓ જમનાકે તીર
એક ગોપીકે પ્રેમમેં
બહ ગયે લાખ કબીર"

કોણ છે આ ગોપીઓ ? કોણ આ કૃષ્ણ અને કોણ આ રાધા ? સેંકડો કે હજારો વર્ષોથી ભારતીય દીલ પર આ નામો છવાયેલાં રહ્યાં છે, કોઈક દિવ્યલોકના સ્વપ્નની જેમ. સાહિત્ય હોય, લલિતકળા હોય, શિલ્પકળા હોય કે મૂર્તિકળા હોય, એવું કોઈ ક્ષેત્ર નથી કે જેમાં નિત્ય નાવિન્ય રૂપે આ પાત્રો, આ કથાઓનો પ્રભાવ ન હોય. આધુનિક અને અનુઆધુનિક સર્જકો પણ એમાંથી પ્રેરણા મેળવતા રહે છે. ભારતીય સાહિત્ય, લલિતકળા, લોકકળા અને શિલ્પકળામાંથી આ નામોની બાદબાકી કરાય તો જાણે કે કેવુંક અને કેટલુંક બચે છે ? અરે, ફિલ્મીગીતોમાં સુદ્ધાં આ વિષયની મોહિની હજી પણ બરકરાર છે ! છ દાયકા પૂર્વે હાઈસ્કૂલના અભ્યાસ દરમિયાન અંગ્રેજીના વિષયમાં ભણાવવામાં આવેલ સરોજિની નાયડુ રચિત - બુલબુલે હિંદ - એક અંગ્રેજી સોનેટની પંક્તિઓ આજે પણ દિલનો કબજો લઈ બેઠી છે. સોનેટનું શિર્ષક છે 'ફ્લ્યૂટ પ્લેયર ઓફ વૃંદાવાન'. એ સોનેટમાંની થોડી પંક્તિઓ મારા અનુવાદરૂપે અહિ પ્રસ્તૂત છેઃ

કાંણે વગાડી તેં અનોખી વાંસલડી
આ કદંબવૃક્ષ તળે
મારું સપનાંનું દિલ વીંધે
આ તારી મોહક સુરાવલીઓ.
ઈન્દ્રલોકની કુંજગલીઓમાં
જ્યાં વહેતા સનાતન ઝરણાં
કે પછી યમલોકના ગાઢ અંધકારમાં
વિષાદના સાગરમાં
તારી પાછળ, સદા તારી સાથે
બંસીના બજવૈયા જ્યાં તું ત્યાં જ હું

કૃષ્ણના હોઠો પર સદા રહેતી વાંસળીને રાધા કે ગોપીઓ શોક્ય ગણે એમાં શું નવાઈ ? આ વિષય પર પણ અનેક કાવ્યો, ગીતો રચાયા છે ને રચાતા રહે છે. મારા એક પંજાબી મિત્રે આ વિષયને વાચા આપતું એક સુંદર સ્વરચિત કાવ્ય મને ત્રણ દાયકા પહેલાં સંભળાવેલું. અને એટલેજ યાદ આવે છે ૧૯૩૮માં બનેલી ન્યૂ થિયેટર્સની એક ફિલ્મ 'વિદ્યાપતિ' માટે કેદાર શર્માએ લખેલું આવું એક સુંદર ગીત. અહિ એ પ્રસ્તૂત છે - ક્યાંક શબ્દભૂલ કે પાઠભેદ હોય તો માફ. એક દિવસ રાધા મોહનની બાંસુરી પોતાને ઘેર લઈ ગઈ અને ગુસ્સાથી કહેવા લાગી, 'અરે નિગોડી, એ તો કહે કે તારી પાસે ક્યો જાદુ છે, ક્યો મંતર છે, જેનાથી તેં વિશ્વમોહનને મોહી લીધો છે ?' જવાબમાં વાંસળી કહે છે, 'મારી શું હસ્તિ છે ? મારું વજૂદ જ શું ?'

એક બાંસકી થી પતલી શી નલી
જંગલમેં ઊગી, જંગલમેં પલી
તકદીર મગર અચ્છી થી
મેં મધુસુદનકે હાથ લગી.
સજની, જો કટા કુછ અંગ મેરા
કુછ ઓર હી નીખરા રંગ મેરા
મેં પ્રેમકો સમજી થી આસાન
સુનકર હોંગી તુમ ભી હેરાન.
છેદોંસે ભરા સીના હૈ મેરા
આ, હાથ લગાકર દેખ જરા
અબ તન ક્યા હૈ, એકતાન સખી
પ્રીતમકે સાથ હૈ જાન સખી.

દુનિયાના ભાગ્યેજ કોઈ દેશમાં ધર્મ અને આધ્યાત્મક્ષેત્રે આવાં લોકહૃદયમાં સ્થાપિત પાત્રો સમગ્ર સાહિત્યક્ષેત્રે, લલિતકળા અને શિલ્પકળા પર આમ હજારો વર્ષોથી છવાયેલાં હોય. ' ' '

## કડવા મેથીમિક્સની મીઠી વાત

આપણે સુસંસ્કૃત અને સુશિક્ષિત સમાજમાં જીવીએ છીએ. એટલે કડવી વાત, કડવા વેણ કે કડવો સ્વાદ આપણને પસંદ નથી હોતો. બધાને મીઠી વાત અને મીઠો સ્વાદ જ ગમે છે. આમ છતાં કડવાશ જિંદગી માટે ખૂબ જરૂરી અને ઉપયોગી છે.

આયુર્વેદના અભ્યાસ દરમિયાન કોલેજમાં મારા ગુરુજી શ્રી જી. કે. દવે સાહેબે બતાવેલા ઘણાં ઘરગથ્થુ આયુર્વેદિક સંયોજનો ખરેખર લાજવાબ છે. આવું જ એક સંયોજન છે 'મેથીમિક્સ' જે ઘણાં બધા રોગોમાં ઈલાજ તરીકે અને સ્વાસ્થ્ય જાળવવા માટે ખૂબ ઉપયોગી છે. ઘરે બનાવવું ખૂબ સરળ છે. તેમાં જરૂરી તમામ દ્રવ્યો આપણા રસોડામાં જ ઉપલબ્ધ હોય છે.

મેથીદાણા ૨૫૦ ગ્રામ, અજમો ૫૦ ગ્રામ, હળદર ૨૫ ગ્રામ, સૂંઠ ૨૫ ગ્રામ, સંચળ ૨૫ ગ્રામ, મેડિકેટેડ દિવેલ(એરંડિયું) એક નાની શીશી.

સૌ પ્રથમ મેથીદાણાને દળીને તેનો બારિક ભૂકો બનાવો. હવે આ બારિક ભૂકામાં દિવેલ(એરંડિયું)નું મોણ નાંખી બરાબર મસળો અને પછી ચારપાંચ કલાક રહેવા દો. ત્યાર બાદ તેને સુગંધ આવે અને રંગ બદલાય ત્યાં સુધી ધીમા તાપે શેકો. ઠંડુ થયા પછી તેમાં ઉપર દર્શાવેલા બધા મસાલા ભેળવી દો. અને એક એરટાઈટ બરણીમાં ભરી રાખો. ચોમાસામાં કે શિયાળામાં દરરોજ અડધી ચમચી પાવડર પાણી સાથે લો. થોડુ ખાધા પછી જ આ પાવડર લેવો. ભૂખ્યા પેટે ન લેવો.

ઉપરના બધા જ દ્રવ્યો ઘરમાં જ પ્રાપ્ત હોય છે. મેથીને દિવેલનું મોણ દઈ તેને શેકતાં તેના ગુણમાં વધારો થાય છે. મેથીની ચિકાશ સુપાચ્ય બને છે અને તેના ગરમ ગુણમાં ફાયદો થાય છે. મેથી ગરમ નહીં પડે. આમાં પડતા તમામ દ્રવ્યો વાતનાશક અને વાતશામક છે.

ડાયાબેટિસવાળા આ નિયમિત લે તો તેમનું ડાયાબેટિસ કાબુમાં રહી શકે છે. આ સાથે ડાયાબેટિસ માટે લેવાતી દવાની માત્રામાં ઘટાડો કરી શકાય અને તેની આડઅસર પણ ઓછી થશે. ગેસ, અજીર્ણ, આફરો વગેરે નહિ થાય.

આ 'મેથીમિક્સ'ના અનેક ફાયદા છે. વા અથવા સાંધાનો દુખાવો હોય, કોલેસ્ટર વધારે હોય, લોહીનું ઊંચું દબાણ હોય, વજન વધારે હોય, પેટમાં કૃમિ થયા હોય, લોહી નબળું હોય, વગેરે રોગિષ્ટ પરિસ્થિતિમાં પણ આ 'મેથીમિક્સ' ખૂબ ફાયદાકારક છે.

ચોમાસાના ભેજમાં જ્યારે પાચનશક્તિ નબળી થઈ ગઈ હોય, પેટ ભારે થઈ જાય, ખાધેલા ખોરાકના મોડે સુધી ઓડકાર આવતા હોય, ત્યારે પણ આ મેથીમિક્સ લેવાથી આ બધી તકલીફોમાંથી રાહત મળે છે.

**મોકલનારઃ કંચનબહેન નથવાણી, લંડન**

## ઓહો રેલમછેલ છે

લતા હિરાણી, અમદાવાદ

"દુનિયાનું શું થવા બેઠું છે ? હળાહળ કળિયુગ આવ્યો છે. રામ, રામ, ભજો. પહેલાના જમાનામાં કેવું સારું હતું ?" વગેરે, વગેરે. . કોણ કરે છે આવો કકળાટ ? માફ કરજો મિત્રો, મારે આવા સંવાદો નથી લખવા પણ આવી વાતો જેમની જીભે રમતી હોય કે જેમના કાનમાં અથડાતી હોય એ બધાને માટે, આ કળિયુગમાં મહોરેલી કળીઓ, અરે પુરબહારમાં ખીલેલાં બાગબગીચાઓની અને જમાનો કેવો બે કાંઠે છલકાઈ રહ્યો છે એની વાત કરવી છે.

થોડોક માત્રાભેદ હોય એટલે કે ઓછુંવત્તું થાય પણ એક સામાન્ય સુખી પરિવારની વાત કરું. કભાઈ અને ચબહેનનો આ સંસાર છે. બે બેડરૂમના સરસ ફર્નિશ્ડ ફ્લેટમાં તેઓ રહે છે. સવારમાં એમને વહેલા ઊઠવું છે. ડબલબેડના સાઈડ ટેબલ પર રાખેલા મોબાઈલમાં રોજ એની જાતે જ વાગે એમ એલાર્મ સેટ કરી દીધો છે. સવારે પલંગ પરથી ઊઠીને એટેચ્ડ બાથરૂમમાં ઘૂસે છે. નિત્યક્રમ પતાવે છે. ટીવી ઓન કરે છે. ચેનલ પર આવતા બાબા રામદેવના પ્રોગ્રામ સાથે યોગ કરે છે. પતિપત્નીએ શહેરમાં ચાલતા યોગના કોર્સ કર્યા છે.

હવે દૂધવાળો આવે ત્યારે તપેલી લઈને એમને દોડવું પડતું નથી. ઘરની બહાર ખીંટી પર લટકાવેલી થેલીમાં દૂધના પાઉચ આવી જાય છે. ચાકોફી પતાવતાં જ મોબાઈલમાં કાકાની બર્થડેનો રિમાઈન્ડર આવી જાય છે. એમણે હવે આવું બધું યાદ રાખવાની જરૂર નથી. તરત જ નંબર ડાયલ કરે છે. કાકા અને કાકી બંને ખુશ થઈ જાય છે. બ્રેકફાસ્ટ માટે ઘરે બનાવેલા અને તૈયાર નાસ્તાની અનેક વેરાઈટીઓ છે. ઓવન, ટોસ્ટર તો ખરાં જ. ચીઝ, બટર, સોસ, જામની કેટલીયે ફ્લેવર હાજર છે.

એમનો દીકરો અમેરિકા છે. અહીંની સવાર અને ત્યાંની રાત. ઘરે કમ્પ્યુટર અને ઈન્ટરનેટ બંને છે. બંને નેટ પર બેસી જાય છે. ચેટીંગ ને સ્પીકર વડે દીકરાવહુ અને પૌત્રો સાથે વાત કરે છે. સંતાનો બીજે છેડે વસે છે પણ એ શું જમ્યા, શું નવું ખરીદ્યું, કોને મળ્યા કે પછી ક્યો ટીવી પ્રોગ્રામ જોયો એ બધી જ ઝીણી ઝીણી વાતો શેર કરે છે. વેબ કેમેરામાં એમના હસતા ચહેરા જોઈને સંતોષ મેળવે છે. માતાપિતાને લાગતું જ નથી કે સંતાનો દૂર છે.

ચબહેન ઘરના કામમાં પરોવાય છે. મદદ માટે નોકર છે. રસોડામાં ગેસ, કૂકર, ઓવન, મીક્સર, જેવી સુવિધા છે. ઓછી કડાકૂટ થાય એવા કેટલાય મસાલા ને ઈન્સ્ટંટ સામગ્રી ઉપલબ્ધ છે. અથાણાં, મુરબ્બા તેઓ જાતે નથી બનાવતા. ઓફિસે કે બહાર જવા માટે દરેક પાસે પોતાનું વાહન છે. ગરમીમાં પંખા, કૂલર, એરકન્ડિશનર છે. વાંચવા માટે છાપાં, મેગેઝિન ઘરે આવે છે. સાંજ પડયે ક્યા શોપિંગ સેન્ટરમાં જવું એ નક્કી કરવાનું હોય છે. જ્યાં જાય ત્યાં એક જ સથળે પૂરી થતી તમામ જરૂરિયાતોમાં શું પસંદ કરવું એ દ્વિધા છે. શોપિંગ મોલની બાજૂમાં મલ્ટીપ્લેક્સ થિયેટર છે. પિક્ચર જોઈ રાતનું ડિનર બહાર પતાવી ઘરે આવે છે. રાત્રે મનપસંદ પ્રોગ્રામ જોઈ મજાના ડબલબેડમાં સૂઈ જાય છે.

આ અતિશયોક્તિ નથી, હકીકત છે. સરેરાશ સુખી વર્ગની આ વાત છે. આ વર્ગ નાના મોટા શહેરોમાં મોટા પાયે છે અને વધતા જાય છે. હજી હું ફાર્મહાઉસ માલિકોની કે પોશ ક્લબોમાં ફરતા ધનાઢયોની વાત નથી કરતી. જો કે એવો વર્ગ પણ નોંધપાત્ર સંખ્યામાં છે ખરો. 'ઝેડ બ્લુ' જેવી કપડાંની લક્ઝૂરિયસ શોપમાં કોઈ આવીને એક સાથે પાંચેક લાખની ખરીદી કરે કે 'આ તો સસ્તી ઘડિયાળ છે, સાહેબ, ત્રીસેક હજારમાં લીધી હતી' એવું કહેનારા આપણા જ અમદાવાદમાં વસે છે. પણ આપણે એમને બાકાત રાખીએ છીએ. ઉપર લખી એવી સગવડો ભોગવતા વર્ગની જ આપણે વાત કરીએ છીએ જે મોટા પ્રમાણમાં છે. શોપિંગ મોલ્સમાં કે હોટલો, થિયેટરોમાં આવો વર્ગ છલકાતો નજરે પડે છે.

ઈન્ટરનેટ પર ક્લીક કરો ને દુનિયાભરની માહિતી તમારા સ્ક્રીન પર ખડકાઈ જાય છે. કંઈ પણ જાણવા માટે તમારે તમારા ટેબલથી વધારે દૂર જવાની જરૂર નથી. રિઝર્વેશન કરાવવું છે ? ઘેર બેઠાં ખરીદી કરવી છે ? પ્રવાસમાં જવું છે ? માહિતીથી માંડીને બુકિંગ કે ડિલીવરી સુધીનું બધું જ ઘરમાં હાજર !

એકલા કંટાળી ગયા છો ? મિત્રો જોઈએ છે ? ચેટિંગરૂમમાં પહોંચી જાઓ. દેશ વિદેશના પુસ્તકો, ફિલ્મો, સંગીત બધું જ ઘરમાં હાજર. વિડિયો ગેમ્સ રમો કે વોટર પાર્કમાં જાઓ. બારે માસ જાતજાતના મેળાવડાઓ, અક્ઝિબિશન્સ ચાલ્યા જ કરે.

સૌંદર્યની માવજત માટે બહુ કડાકૂટની જરૂર નથી. બ્યુટીપાર્લરમાં જાઓ કે એને ઘેર બોલાવો. બ્યુટીપાર્લરમાં પોતાની સાથે બાજુની ખુરશીમાં પોતાની કામવાળી ફેસિયલ કરાવતી હોય એવા અનેક અનુભવો ગૃહિણીને થયા હશે.

તમે નોકરી નથી કરતા અને નવરાશમાં કંટાળો છો તો કોઈ 'કીટી પાર્ટી'માં જોડાઈ જાઓ, મજા કરો. સમાજસેવામાં રસ છે ? કેટલીયે સંસ્થાઓ છે. એ હોંશ પણ પૂરી કરો.

પ્રેમમાં પડયા છો ? પત્ર લખવામાં મજા આવતી હોય તો એ ઓપ્શન તો છે જ. મોબાઈલ પર 'એસ એમ એસ', કલાકો સુધી પ્રેમાલાપ કરાવતી મોબાઈલ સેવાની સસ્તી ઓફરો, નેટ પર ચેટિંગ, ઈમેલ, ફોન અધધધ. . .કેટલી સગવડો ! અને બધી આંગળીને ટેરવે.

એક જમાનામાં લોન મેળવવા માટે લાગવગ લગાડવી પડતી. હવે બેંકના એજન્ટો તમારા પગથિયા ઘસે છે. ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ તમને આપવા માટે લાઈન લાગે છે. શોપિંગ કરવા માટે ઉધારીની સગવડ ઉપલબ્ધ. મોટરકાર હવે સામાન્ય માનવી વસાવી શકે છે.

હવે જરા યાદ કરો. તમારા પિતાજી કે દાદા કે પરદાદા, અરે પાંચ સાત કે દશ પેઢી પહેલાં પણ કોઈએ આવી સગવડો ભોગવી હોય એવી કલ્પના તમે કરી શકો છો ? જવાબ 'ના' અને માત્ર 'ના'માં જ આવે. પેઢીઓની વાત જવા દો. ઈતિહાસમાં આવો વૈભવ, આવી જાહોજલાલી રાજામહારાજાઓ કે શહેનશાહ અકબરને પણ નહોતી. આજે આપણી પાસે છે તે આપણા પૂર્વજો પાસે ક્યારેય નહોતું.

તંદુરસ્તી અંગે જે જાગૃતિ આજે છે એ પહેલાં નહોતી. મેડિકલ ફેસિલિટી કેટલી વધી છે ! પરિણામે સરેરાશ આયુષ્ય વધ્યું છે એ નિર્વિવાદ છે. કુદરતી હોનારતો પહેલાં પણ થતી. આટલી ઝડપી અને આટલી અસરકારક સેવાઓ પહેલાં નહોતી. રોગચાળામાં અસંખ્ય લોકો પીડાઈને મરતા. આજે ય એવું થતું હોય પણ એનું પ્રમાણ ઓછું થયું છે.

હા, સિક્કાની બીજી બાજુ જરૂર છે. સમાજમાં ગરીબી છે, દુઃખ છે, ખરાબી છે, ખોટું છે. પણ યાદ રાખો મિત્રો, સિક્કો પહેલાં પણ એવો જ હતો, બે બાજુવાળો. શું રામરાજ્યમાં રાક્ષસો નહોતા ? કુથલી નિંદા નહોતા ? લોભ, મોહ, ઈર્ષા, દ્વેષ, છળ, કપટ, બધું જ હતું. ગરીબી હતી અને મજબૂરી પણ હતી. રાવણ, મંથરા, કૈકેયી, દશરથ, દુર્યોધન, દુઃશાસન, ધૃતરાષ્ટ્ર, કર્ણ, કુંતી, જાબાલા, આ બધા શાના પ્રતિક છે ? ભગવાન કૃષ્ણે એટલે જ તો સત્વ, રજસ અને તમસ ત્રણેય ભાવો વર્ણવવા પડયા.

આજે જે કાંઈ ખોટું છે એ પહેલાં યે હતું. ફરક એટલો કે પહેલાં એકબીજા સાથે સંપર્ક અઘરો હતો. મિડિયા નહોતું, છાપાં નહોતા, રેડિયો, ટીવી નહોતા. આજે જે થાય છે એની ખબર તરત જ બધા સુધી પહોંચી જાય છે. પહેલાં બાજુના ગામમાં બનતો બનાવ ખબર પડતાં યે દિવસો લાગી જતાં. જ્યારે મોરબીની હોનારતની મિનિટોમાં સેટેલાઈટ દ્વારા વિશ્વને ખબર પડી ગઈ હતી.

આપણી પાસે હંમેશા પસંદગી છે જ. છાપામાં લૂંટફાટની, ગુંડાગિરીની, ગંદા રાજકારણીઓની કે બળાત્કારોની વાતો ભલે છપાતી. એની સામે સારા સમાચારો પણ છપાય છે જ. ઢગલાબંધ પૂર્તિઓમાં વિશાળ વિષયવૈવિધ્ય સાથે સારું સાહિત્ય પણ ભરપટ્ટે છપાય છે. વલ્ગર અને અશ્લિલ પ્રોગ્રામો કે ફિલ્મો સામે ડિસ્કવરી, આસ્થા ને સંસ્કાર જેવી ચેનલો પણ છે. ટૂથપેસ્ટથી માંડીને ટીવી પ્રોગ્રામ સુધી, કોફીથી માંડી કલર્ડ કોન્ટેક્ટ લેન્સ સુધી અને હરડેથી માંડીને હાર્ટ સર્જરી સુધી આજના માનવી પાસે પસંદગીના જેટલા વિકલ્પો છે, મેળવવાની જેટલી સુવિધાઓ છે કે માણવાની જેટલી તકો છે એ ભૂતકાળમાં ક્યારેય નહોતી. ઈશ્વરે આપણને આ યુગમાં જન્મ આપીને કેટલો ઉપકાર કર્યો છે !! આનંદો, ભરપૂર આનંદો.

આ વાતનો એ મતલબ જરાયે નથી કે લોકોએ પોતાના સુખમાં ડૂબી જઈ સ્વાર્થી બનવું. દુઃખી લોકોની બની શકે એટલી મદદ જરૂર કરીએ. કોઈની સેવા માટે સમય, શક્તિ અને નાણાં ખરચીએ. આપણું સુખ ભોગવતાં ભ ોગવતાં એમાનો અમૂક ભાગ બીજા માટે વાપરીશું તો બંને કામ થશે. કોઈ પોતાનું બધું જ ન્યોચ્છાવર કરી દે તો પણ આ દુનિયાના દુઃખોમાં રતિભર ફેર ના પડે. સુખદુઃખ, અમીરીગરીબી, આનંદપીડા, બધું માનવજાતના અસ્તિત્વ સુધી સાથે રહેવાનું. એનો સમૂળગો નાશ શક્ય જ નથી. મિત્રો, આ કળિયુગ નથી. 'આ સુવર્ણયુગ છે.' આપણને આ સુવર્ણયુગમાં જીવવાનું અહોભાગ્ય મળ્યું છે. એટલે આપણી પાસે છે એ બધું ઉત્તમ છે. સમય ઉત્તમ છે. સાધનો ઉત્તમ છે. જીવન ઉત્તમ છે.

ચાલો, આપણા પર વરસતી આ રેલમછેલને માણીએ અને નવા વર્ષની ઉજવણી આનંદમાં રહેવાનો, ખુશખુશાલ રહેવાનો સંકલ્પ કરીએ.



## દ્રોપદીથી આજની આધુનિક નારી

ભાનુભાઈ લ. ત્રિવેદી, અમેરિકા

તાજેતરમાં એક માતાની જન્મજયંતિમાં ગયો હતો. આનંદ ઉલ્લાસથી ઉજવાયેલી આ જયંતિમાં માતાના નિરપેક્ષ પ્રદાન વિશે પ્રાસંગિક પ્રવચનો થયા અને પુત્રે માતા માટે કવિતા રચી, અર્પણ કરી. પતિએ તેમના જીવનમાં પત્નીના પ્રદાનની પ્રશંસા કરી.

આ સમયે મારા ચિત્તતંત્ર પર ઝબકારો થયો કે સામાન્ય રીતે પુરૂષોની જન્મજયંતિ, પુણ્યતિથિ વગેરે ઉજવાતી હોય છે. સ્ત્રીઓની તો ભાગ્યે જ ઉજવાય છે. તેનું રહસ્ય સમજવા આપણે દૂર જવું પડે એમ નથી. મહાભારતની દ્રોપદીથી આજની આધુનિક સ્ત્રી સુધી સમગ્ર નારીજાતનું આપણાં પુરુષપ્રધાન સમાજે સતત શોષણ કર્યું છે.

શરૂઆતમાં સ્ત્રીને બઝારમાં વેચાતી વસ્તુ ગણવામાં આવતી, તેનું જાહેર લીલામ થતું. તેના રૂપ, યૌવનનો ઉપયોગ કરી પછી તેને તરછોડવામાં આવતી. મધ્યયુગમાં તેને દાસી કે ગુલામ તરીકે રાખવામાં આવતી. તેને અસ્પૃશ્ય ગણી દેવસેવા, મંત્રોચ્ચાર કે માંગલિક અથવા ઉત્તરક્રિયા જેવા મહત્ત્વના સામાજિક, ધાર્મિક કાર્યોમાં ભાગ લેવાની તેના માટે મનાઈ હતી. નારીને નરકની ખાણ કહી વગોવવામાં આવતી. પણ એ માનુનિમાં મુનિવર નારદને ચળાવવાનું પણ સામર્થ્ય છે તે પરુષો વિસરી જાય છે.

વર્તમાન યુગમાં સભ્યતાના અંચળા હેઠળ પરુષના સ્ત્રી પરત્વેના વર્તનમાં થોડો સુધારો અવશ્ય જોવા મળે છે. આમ છતાં અમેરિકા જેવા સુધરેલા દેશને બાદ કરતાં મહદ્અંશે સ્ત્રીનું શોષણ ઓછાવત્તા અંશે આજે પણ જોવા મળે છે. સરકારના સહકાર અને જન્મજાત સંસ્કારોના પ્રભાવે અમેરિકામાં પરુષો સ્ત્રીઓને દરેક કામમાં મદદ કરતાં હોય છે. ભારતથી અમેરિકા આવેલી સ્ત્રીઓ ઘરકામ, નોકરી, રસોડું, સફાઈ, બાળકોને હોમવર્ક, લોન્ડ્રીમેટ જેવી બેવડી જવાબદારી સંભાળતી હોય છે. જ્યારે હજી પણ પુરુષપ્રધાન માનસ ધરાવતા કેટલાક ભારતીય પુરુષો સ્ત્રીઓને ઘરકામમાં મદદ કરવામાં નાનમ અનુભવતા હોય છે, એટલું જ નહિ પણ કેટલાક પુરુષો પાણીનો પ્યાલો પણ હાથમાં મળે એવી જોહુકમી ચલાવતા હોય છે. કેટલાક પુરુષો માતાના પ્રેમની જાહેરમાં પ્રશંસા કરતા હોય છે, પત્નીના પ્રેમ કે સહયોગના વખાણ કરતાં અચકાતા હોય છે. તેમને 'વહુઘેલાં'માં ખપી જવાનો ડર હોય છે. આવા સમયે માતા અને પત્ની પરત્વે પુરુષે સમતોલ ભાવ અને વિવેક રાખવા જોઈએ. સ્ત્રીદાક્ષિણ્યની મોટી વાતો કરનારા પુરુષો પણ આત્મનિરીક્ષણ કરશે તો પ્રતીત થશે કે તેમની વાણી અને વર્તનમાં કેટલો ફેર છે.

પુરુષનું વ્યક્તિત્વ એકમુખી છે. જ્યારે 'ભોજનેષુ માતા, કાર્યેષુ મિત્ર અને શયનેષુ રંભા'ની સંસ્કૃત ઉક્તિ અનુસાર સ્ત્રીનું વ્યક્તિત્વ બહુમુખી છે. દુનિયાના દવાખાના કે ઘરડાંઘરોમાં માતાપિતાની ખબરઅંતર પૂછવા અને સારવાર કરવા જતી દીકરીઓ જ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આમ પુત્રી, બહેન કે પત્ની તરીકે અને સવિશેષ તો માતા તરીકે સ્ત્રી નિરપેક્ષ એકપક્ષીય પ્રેમનો ધોધ વરસાવતી હોય છે. તેની સરખામણીમાં પુરુષોનું કેટલું પ્રદાન હોય છે તેની તુલના કરવાનો સમય પાકી ગયો છે.

પુરુષ સ્ત્રીના પ્રદાનની નોંધ લઈ તેને અનુરૂપ થવાની કોશિશ નહિ કરે તો દાંપત્ય જીવનમાં પુરુષ ઉત્તરોત્તર વધુ પાંગળો બનતો જશે. હવે સ્ત્રીઓમાં શિક્ષણ વધ્યું છે. સ્ત્રીઓ આર્થિક રીતે સ્વતંત્ર થઈ છે. આ કારણસર અમેરિકામાં સ્ત્રીઓનું શોષણ પ્રમાણમાં ઓછું થાય છે. અન્ય દેશોમાં પણ સ્ત્રીઓનું શિક્ષણ જેમ જેમ વધતું જશે તેમ તેમ તેઓ વધુ સ્વતંત્ર બનશે અને સ્ત્રીશોષણનું કલંક ક્રમશઃ દૂર થતું જશે.

સ્ત્રી વિનાનો સંસાર અધૂરો તો છે જ. ઉપરાંત સ્ત્રીઓની શરીર રચના અને સ્વભાવગત કુદરતી મર્યાદાઓ છતાં ગાર્ગી, મૈત્રેયી, રઝીયા બેગમ, મહારાણી લક્ષ્મીબાઈ, ઈન્દિરા ગાંધી, શ્રીમતી ભાંડારનાયક જેવી સ્ત્રીઓએ પુરુષોને પણ શરમાવે તેવા મહાન કાર્યો કર્યા છે. આજે તો સ્ત્રીઓને કમ્પ્યુટર, એન્જિનિયરીંગ, વિમાન પરિવહન, અવકાશયાત્રા, જેવા દુર્ગમ ક્ષેત્રોમાં પણ અપ્રતિમ પ્રગતિ સાધી છે. સ્ત્રીઓ આત્મવિશ્વાસથી આગળ વધશે તો આગામી સદી સ્ત્રીઓની હશે તેમાં શક નથી.

સ્ત્રીઓ શક્તિશાળી હશે તો તેમનાં સંતાનો પણ તેજસ્વી અને શૂરવીર પાકશે. પ્રસન્ન દંપતી જ મેધાવી સંતાનને જન્મ આપે છે.

શ્રી ભાનુભાઈ ત્રિવેદી રચિત, વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલ, ૪૨ ચિંતનશીલ અને સાંપ્રત સમસ્યાઓને સ્પર્શતા લેખોના સંગ્રહવાળું હાલમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તક 'અંતરના અજવાળે'નું વિમોચન, ન્યૂ જર્સી, અમેરિકા, ખાતે યોજાયેલ વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સમાં અનેક સાહિત્યપ્રેમીઓ તથા સાક્ષરો, ધીરુભાઈ પરીખ, ડો. રજની શાહ, મધુ રાય, કેશવ ચંદરિયા, વગેરેની હાજરીમાં અમેરિકાના જાણીતા અને માનીતા હાસ્યલેખક અને રમૂજના પીરસનારા શ્રી હરનિશ જાનીના હસ્તે કરવામાં આવ્યું હતું.

## ઃ બાપુના યાદગાર પ્રસંગો ઃ

• ગાંધીજીના આશ્રમમાં કેટલાક અંગ્રેજો એમની મુલાકાતે આવ્યા. અહીં ગાંધીજીને મળવું હોય તો પગરખાં ઉતારીને ઓરડામાં જવું તેવી સૂચના કરવામાં આવી હતી. ગાંધીજી અંદર બેઠા હતા. આવેલ વિદેશી મહેમાનો બૂટ ઉતારવા લાગ્યા. એક અંગ્રેજે કહ્યું, 'મિ. ગાંધી, આ ભારે તકલીફનું કામ છે.' ગાંધીજીએ સ્મિત સાથે જવાબ આપ્યો, 'જેમનાં મોજાં ફાટેલાં હોય તેમને બૂટ ઉતારવાની જરૂર નથી !'

• ગાંધીજીના એકવીસ દિવસના ઉપવાસ આગાખાન મહેલમાં ચાલતા હતા. ગાંધીજીની હાલત ગંભીર થતાં અંગ્રેજ સિવિલ સર્જન તપાસવા આવ્યા. તપાસના અંતે તેમણે નોંધ લખી કે હવે ગાંધી જીવશે નહિ. તેમની અંતિમ ક્રિયાની તૈયારી કરવા લખ્યું. કમ્પાઉન્ડમાં ચંદનના લાકડાંનો જથ્થો ઉતરવા માંડયો. તેના અવાજોથી અર્ધબેભાન ગાંધીજીએ મહાદેવભાઈને પૂછ્યું, 'મહાદેવ, શું સ્વરાજ્ય આવી ગયું ?' મહાદેવભાઈએ કહ્યું, 'બાપુ, સ્વારાજ્ય તો હજી નથી આવ્યું.' એટલે ગાંધીજીએ કૃષ અવાજમાં કહ્યું, 'એમને કહો, સ્વારાજ્ય આવ્યા વગર ગાંધીનું મરણ થવું અશક્ય છે.' પછી શાંતિથી નિદ્રાધીન થયા.

## मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

तामुत्तीर्य व्रज परिचितभ्रूलताविभ्रमाणां
पक्ष्मोत्क्षेपादुपरिविलसत्कृष्णशारप्रमाणाम् ।
कुन्दक्षेपानुगमधुकरश्रीमुषामात्मबिम्बं
पात्रीकुर्वन्दशपुरवधूनेत्रकौतूहलानाम् ॥४९॥

ब्रह्मावर्त जनपदमथ च्छायया गाहमान
क्षेत्रं क्षत्रप्रधनपिशुनं कौरवं तद् मजेथाः॥
राजन्यानां शितशरशतैर्यंत्र गान्डीवधन्वा
धारापातैरस्त्वमिव कमलान्यभ्यवर्षन्मुखानि ॥५०॥

## મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

તો ઓળંગી, વ્રજ, પરિચિત ભ્રૂલતાના વિલાસે,
પક્ષ્મો ખૂલ્યે ઉપર વિલસે શ્યામધોટી છટાઓ,
હાલ્યાં કુંદે ભ્રમતભમરશ્રી હરે, પાત્ર પોતે
થાતો, એવાં દશપુરવધૂનેત્રનાં કૌતુકોને. (૪૯)

બ્રહ્માવર્તે જનપદમહી છાંયરૂપે પ્રવેશી
ઝત્રિયોનું નિધન કથતા તું કુરુક્ષેત્ર જાજે.
ધરાથી તું જ્યમ કમલમાં, તેમ ગાંડીવધારી
રાજન્યોને મુખ વરસિયો સેંકડો તીક્ષ્ણ બાણે. (૫૦)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghaduta of Kalidas (Editor: Dr.Gautam Patel)

Having crossed that river move on making yourself an object of excitement in the eyes of the ladies of Dashapura who are well-versed in the playful move ments of the bushy eye-brows, whose variegated lustre flashes up due to lifting uo of eye-lashes and which rivals the beauty of the beespursuing the tossed Kunda flowers. (49)

Then with your shadow crossing the Brahmavartacountry move on to the reach field of the Kurus attesting to the destruction of Kshatriyas where the Gandiv-wielder Arjun rained hundresds of piercing arrows on the faces of kings as you on the lotuses with your showers of rains. (50)

To be continued: Two verses will be published in every issue.)